


♦જોડણી♦

આ ‘ઈ.બુક’માં માત્ર એક જ ‘ઈ’–‘ઉ’ વાપર્યા છે.

April 02, 2018

●eBook : 'Rationalism No Ghatanaad-2'●

●By Dinesh Panchal●
('અભીવ્યક્તી' બ્લોગમાં મુકાયેલા દીનેશ પાંચાલના લેખોની ઈ.બુક)

♦© Dinesh Panchal ♦

● ઈ.બુક મુલ્ય : તદ્દન મફત...●

●ઈ.બુક પ્રકાશક●
મણી મારુ,
405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી
પોસ્ટ : એરુ એ. સી. – 396450 સેલફોન : 9537 88 00 66
ઈ.મેઈલ : govindmaru@gmail.com

●ઈ.બુક અક્ષરાંકન●
ગોવીન્દ મારુ
'અભીવ્યક્તી' https://govindmaru.wordpress.com/
સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

નવી પેઢીના બે તેજસ્વી પુષ્પો
જરુર દેશે અન્ધશ્રધ્ધાને ટુપો...!





ઝંકૃતી | વીશેષ
પૌત્રી | પૌત્ર

ને

# અર્પણ

અનુક્રમણીકા

## અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ, તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખમાં જે તે 'લેખના શીર્ષક'ની નીચે જમણી બાજુએ લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વાચકમીત્રોને વીનન્તી છે.


| ક્રમ | લેખનું શીર્ષક | પાન ક્રમાંક |
|---|---|---|
| I | અન્ધશ્રદ્ધાની આગજની | 05 |
| II | અમારાં પ્રકાશનો | 08 |
| 01 | કર્મકાંડો કરતાં કમ્પ્યુટરમાં દેશનું વીશેષ કલ્યાણ છુપાયું છે! | 11 |
| 02 | કેટલીક અન્ધશ્રદ્ધાની કૉસ્ટ ઑફ પ્રોડક્શન બહુ ઉંચી હોય છે! | 20 |
| 03 | ટ્રાંસપ્લાન્ટેશન ઓફ વરચ્યુઝ...! (સદ્‌ગુણોનું પ્રત્યારોપણ) | 28 |
| 04 | દરેક માણસ પાસે સદ્‌કર્મોનો રેશનકાર્ડ હોવો જોઈએ! | 36 |
| 05 | અમરનાથનો એ નગ્ન બાવો..! | 46 |
| 06 | સાચો આસ્તીક કોણ...? | 52 |
| 07 | માણસે આસ્તીક હોવું જોઈએ કે નાસ્તીક? | 58 |
| 08 | સંભોગથી સમજદારી તરફ...! | 65 |
| 09 | આપણા જાહેર માર્ગો પર ધર્મનું આક્રમણ! | 73 |
| 10 | ભગવાન મન્દીરમાં નહીં; માણસમાં વસવાનું પસન્દ કરે છે! | 82 |
| 11 | અન્ધશ્રદ્ધાનું ગ્રહણ વીના ચશ્મે જોઈ શકાય | 91 |
| 12 | હા, ચુનો– તમાકુ ખાવાથી આધાશીશી મટી જાય છે...! | 100 |
| III | શ્રી. દીનેશ પાંચાલનું લેખન–સર્જન–ચીન્તન | 108 |
| IV | અન્તીમ ટાઈટલ પેજ | 110 |

I

# અન્ધશ્રદ્ધાની આગજની

અનુક્રમણીકા

હું ભુલતો ના હોઉં તો અમારા રૅશનાલીસ્ટમીત્ર ગોવીન્દભાઈ મારુ છેલ્લા 10 વર્ષોથી ઈન્ટરનેટ પર ‘અભીવ્યક્તી’ નામનો બ્લોગ ચલાવે છે. વર્ષોથી એમણે વીશ્વભરના રૅશનાલીસ્ટો માટે એક સુંદર “ચીન્તન ચોતરો” બનાવ્યો છે. એમના એ બહુચર્ચીત બ્લોગ પર એમણે મારા ઘણાં લેખો મુક્યા છે. મારે કહેવું છે કે 125 કરોડ દેશબન્ધુઓથી ઉભરાતા આ દેશમાં રોટી, કપડાં અને મકાનની જે જટીલ સમસ્યા છે તેટલી જ પ્રખર સમસ્યા અન્ધશ્રદ્ધાની છે. હું અને ગોવીન્દભાઈ અન્ધશ્રદ્ધાના સરખા વીરોધી છીએ, તેથી એમણે મારા વીચારોને એમના બ્લોગમાં આદરભર્યું સ્થાન આપ્યું છે. આજે જ્યારે એઓ મારી ચોથી ઈ.બુક પ્રકાશીત કરી રહ્યા છે ત્યારે ગોવીન્દભાઈના હાર્દીક આભાર સાથે મારે એટલું કહેવું છે કે શ્રદ્ધા અને અન્ધશ્રદ્ધા વચ્ચે ખુબ પાતળી ભેદરેખા છે. ઉદાહરણ તરીકે એમ કહી શકાય કે તરસ્યો માણસ ગ્લાસ લઈને ઘરના પાણીયારા પાસે

જાય તે શ્રદ્ધા કહેવાય; પણ ગ્લાસ લઈને તે ઝાંજવાના જળ પાછળ દોડે તો તે અન્ધશ્રદ્ધા કહેવાય. આપણા ધરમકરમવાળા દેશમાં લોકોએ અન્ધશ્રદ્ધાનું અભ્યારણ સ્થાપ્યું છે. અહીં લોકો શનીવારે હજામત નથી કરાવતા એથી શનીવારે ઘણા હેરકટીંગ સેલુન બન્ધ રહે છે. (અમેરીકામાં લોકો એવું નથી કરતા તેથી તેમના કયા કામ અટકી જાય છે?) રુપાલની પલ્લીમાં વેડફાતું સેંકડો ટન શુદ્ધ ઘી એકવીસમી સદીની જીવતી જાગતી– તાજી અન્ધશ્રદ્ધા છે. ચાની લારીવાળો ધન્ધાની શરુઆત કરે ત્યારે ધરતીદેવીને ભોગ ચઢાવવા પહેલો કપ ચા જમીન પર ઢોળી દે છે. એ અભણ માણસને કંઈકે માફ કરી શકાય; પણ બીજી તરફ એમ.એસસી. ડીસ્ટીંક્શન સાથે પાસ થયેલો કાપડનો વેપારી રોજ સવારે તેનો ગલ્લો ખોલીને તેમાં ચાર પાંચ વાર અગરબત્તી ફેરવે છે. ડૉક્ટરો તેમની હૉસ્પીટલના દરવાજે લીમ્બુ અને મરચું લટકાવે છે. એવી શુટેડ બુટેડ– (વ્હાઈટ કૉલર) અન્ધશ્રદ્ધાને શી રીતે માફ કરી શકાય?

વર્ષો પહેલાં મેં મારા બાબાની બાબરી નહોતી ઉતરાવી તેમાં બહુ મોટી બબાલ થઈ ગયેલી. આજે સાબીતી સાથે કહી શકું છું કે બાબરી ન ઉતરાવવાથી બાળકને કોઈ નુકસાન થતું

નથી. સમાજમાં આજે પણ આવી સેંકડો અન્ધશ્રદ્ધા પ્રવર્તે છે. એ બધી અન્ધશ્રદ્ધાઓ એકલ દોકલ વ્યક્તીથી દુર ન થઈ શકે; પરન્તુ પાંચ અન્ધશ્રદ્ધાળુઓના દીલમાં પણ સમજણનો દીવો પ્રગટે તો લખ્યું લેખે લાગે. જીવનમાં અનેક કડવા મીઠા અનુભવો પછી સમજાયું છે કે વીવેકબુદ્ધીના બમ્બા વીના અન્ધશ્રદ્ધાની આગ હોલવી શકાવાની નથી. હું 'અભીવ્યક્તી' બ્લોગના રૅશનલબમ્બા વડે એ આગ પર પાણી છાંટવાની નમ્ર કોશીષ કરી રહ્યો છું. એમાં ગોવીન્દભાઈ મારુ સહીત સેંકડો શુભેચ્છકોનો સહયોગ સાંપડી રહ્યો છે; તે સૌનો હું હાર્દીક આભારી છું.

…દીનેશ પાંચાલ…

સી-12, મજુર મહાજન સોસાયટી, ગણદેવી રોડ,

પોસ્ટ : કાલીયાવાડી, જમાલપોર. વાયા : નવસારી – 396 445

સેલફોન : 94281 60508

ઈ.મેલ : dineshpanchal.249@gmail.com

બ્લોગ : dineshpanchalblog.wordpress.com

17 ડીસેમ્બર, 2017

**II**

# અમારાં પ્રકાશનો

અનુક્રમણીકા

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે 'મણી મારુ પ્રકાશને' ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારું પ્રત્યેક પ્રકાશન માત્ર સદ્ વીચારોના પ્રસાર માટે વાચકોને નીઃશુલ્ક મળે છે. અમે 01 એપ્રીલ, 2018 સુધીમાં નીચે મુજબની 21 ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે :

| | |
|---|---|
| 1. | 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 01 (પાનાં : 113; મુલ્ય : મફત) |
| 2. | 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 02 (પાનાં : 108; મુલ્ય : મફત) |
| 3. | 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. મુરજી ગડાના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 03 (પાનાં : 127; મુલ્ય : મફત) |
| 4. | પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની (ઈ.બુક) – 'વીવેક–વલ્લભ' (પાનાં : 190; મુલ્ય : મફત) |
| 5. | પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 18 વીષયો પર લખેલા ચીન્તનાત્મક લેખોમાંથી 206 રૅશનલ મુદ્દાઓ તારવી કાઢીને 'વીવેકવીજય' ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથની (ઈ.બુક) – 'વીવેકવીજય' (પાનાં : 131; મુલ્ય : મફત) |
| 6. | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'આનન્દની ખોજ' (પાનાં : 53; મુલ્ય : મફત) |
| 7. | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'ટીન–એજ'માં બોયફ્રેન્ડથી સાવધાન' (પાનાં : 51; મુલ્ય : મફત) |

| | |
|---|---|
| 8. | 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. રોહીત શાહના 25 લેખોની ઈ.બુક 'અભીવ્યક્તી'–ઈ.બુક – 04 'અધ્યાત્મના આટાપાટા' (પાનાં: 111; મુલ્ય : મફત) |
| 9. | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'આનન્દનું આકાશ' (પાનાં : 116; મુલ્ય : મફત) |
| 10. | પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ની આત્મકથાની (ઈ.બુક) – 'આત્મઝરમર' (પાનાં : 257; મુલ્ય : મફત) |
| 11. | આર્યસમાજી અને લેખક શ્રી. નાથુભાઈ ડોડીયાની ઈ.બુક 'દુઃખ નીવારણના ભ્રામક ઉપાયો' (પાનાં : 26; મુલ્ય : મફત) |
| 12. | 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. એન. વી. ચાવડાના 14 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 05 'ચાર્વાક દર્શન' (પાનાં : 96; મુલ્ય : મફત) |
| 13. | 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 20 લેખોની ઈ.બુક 'અભીવ્યક્તી'–ઈ.બુક – 06 'સત્યસન્દુક' (પાનાં : 110) |
| 14. | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'સમ્બન્ધમીમાંસા' (પાનાં : 83; મુલ્ય : મફત) |
| 15. | શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'જીન્દગી કઈ રીતે જીવશો ?' (પાનાં : 75; મુલ્ય : મફત) |
| 16 | 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. વલ્લભ ઈટાલીયાના 10 લેખોની ઈ.બુક 'અભીવ્યક્તી'–ઈ.બુક – 07 'વીચારયાત્રા' (પાનાં : 84; મુલ્ય : મફત) |
| 17 | અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. બી. એમ. દવે (જેલ ખાતાના નીવૃત્ત પ્રશાસક અને લેખક)ના 08 લેખોની ઈ.બુક 'ભ્રમ ભાંગ્યા |

| | |
|---|---|
| | પછી…’ (પાનાં : 90; મુલ્ય : મફત) |
| 18 | ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા સુશ્રી. કામીની સંઘવીના 11 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 09 ‘કીતની હકીકત, કીતના ફસાના ?’ (પાનાં : 72; મુલ્ય : મફત) |
| 19 | ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 10 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ’ (પાનાં : 93; મુલ્ય : મફત) |
| 20 | ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. રમેશ સવાણીના 14 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 11 ‘દેતે હૈં ભગવાન કો ધોખા’ (પાનાં : 136; મુલ્ય : મફત) |
| 21 | ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 12 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ–2’ (પાનાં : 110; મુલ્ય : મફત) |


મણી મારુ

●‘ઈ.બુક’ પ્રકાશક●

405, સરગમ એપાર્ટમેન્ટ,

કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@yahoo.co.in

1

# કર્મકાંડો કરતાં કમ્પ્યુટરમાં દેશનું વીશેષ કલ્યાણ છુપાયું છે!

અનુક્રમણીકા

અમારી મીત્રમંડળીમાં બચુભાઈ અને ભગવાનદાસકાકા વચ્ચે સાપ નોળીયા જેવા સમ્બન્ધો રહ્યા છે. એક દીવસ બેઉ બળીયા બાથે વળગ્યા. ચર્ચાનો વીષય હતો – ‘દુનીયાને કોણ વધુ ઉપયોગી – આસ્તીકો કે નાસ્તીકો?’ બચુભાઈએ ભગવાનદાસકાકા તરફ તીરછી નજરે જોઈ લેતાં કહ્યું : ‘ભગવાનને તેના ભક્તો, ખુંટે બાંધેલી ગાયની જેમ ભક્તીનું નીરણ પીરસ્યા કરે છે. ભગવાન છે કે નહીં, તે ક્યાં છે, કેવો છે તે વીશે તેમને કશું જ્ઞાન હોતું નથી.’

ભગવાનદાસકાકાએ હોઠ ભીંસી કહ્યું : ‘દીનેશભાઈ, આ બચીયાને પુછો કે એ શ્વાસમાં હવા લે છે એ હવા કોણે બનાવી? પાણી કોણે બનાવ્યું? આ ધરતી,

સુરજ, ચન્દ્ર, તારા, નદી, પહાડ, હવા, અગ્ની કોણે મુળશંકરે બનાવ્યાં? (મુળશંકર બચુભાઈના પીતાજીનું નામ!) વૃક્ષમાંથી પ્રાણવાયુ મળે અને તે વડે આપણે જીવીએ એ કરામત કોણે કરી? અરે! દુનીયાનો વીકાસ કરી શકાય તે માટેની બુદ્ધી એને કોણે આપી? પણ જવા દો વાત... આ લોકોની તકલીફ એ છે કે સાબીતી ના મળે તો એ લોકો સગા બાપને ય બાપ માનવા તૈયાર થતા નથી. ભગવાનની કૃપાથી જીવતો માણસ ભગવાન નથી એવું કહે છે ત્યારે એવું લાગે છે– માનો માછલી પાણીમાંથી ડોકું ઉંચુ કરીને કહેતી હોય– 'પાણી જેવી કોઈ વસ્તુ જ નથી !'

એમનો વીવાદ અત્રે અપ્રસ્તુત છે; પરન્તુ સત્ય એ બે વચ્ચે ક્યાંક પડેલું છે. એમની તકરારમાં મને એક સત્ય સાંપડ્યું અને તે એ કે આ દુનીયા આસ્તીકોની શ્રદ્ધાથી નથી ચાલતી. નાસ્તીકોના નીરીશ્વરવાદ વડેય નથી ચાલતી. ચાલે છે કામ કરનારા કર્મયોગીઓ વડે. રસ્તા વચ્ચે પથ્થર પડ્યો છે એવી ફરીયાદ કરનારાઓ કરતાં એ

પથ્થરને ઉંચકીને ફેંકી દે એવા માણસની આજે દુનીયાને વીશેષ જરુર છે. પાણી પર પીએચ.ડી. કરનારા કરતાં, કુવો ખોદીને પાણી કાઢનારો વધુ ઉપયોગી નીવડે છે. જીવવા માટે ખોરાક બહુ જરુરી છે એવું ભાષણ કરનારા કરતાં ખેતી કરીને અનાજ પકવનારાઓની ખાસ જરુર છે. ઍરોપ્લેનમાં શ્રીમન્તો માટે કથા કરનારા મોરારીબાપુ કરતાં રોડ પર લારી ચલાવતો એક મજુર દેશના વીકાસમાં વધુ નક્કર યોગદાન આપે છે. કર્મકાંડો કરતાં કમ્પ્યુટરમાં આ દેશનું વીશેષ કલ્યાણ છુપાયું છે.

પેટની આગ માણસની પ્રાથમીક સમસ્યા છે; પરન્તુ કુદરતે માણસને કેવળ ભુખ નથી આપી. ભુખની સાથે ધરતી આપી, જળ આપ્યું, બીજ આપ્યું. એ બીજમાંથી અનાજ પકવવાની સમજણ પણ એણે જ આપી. એ માટે આપણે કુદરતને થેંક્યુ કહેવું જોઈએ.

સમજો તો એ ‘થેંક્યુ’થી ચડીયાતી પ્રાર્થના બીજી એકે નથી. એ માટે માણસે મન્દીરમાં જવાની કે નવ દીવસ કામધન્ધો છોડી રામકથા સાંભળવાની જરુર નથી. કોઈ

કવીની કવીતા ઉપર આપણે ઝુમી ઉઠીએ ત્યારે શું કરીએ છીએ? દીલથી ‘વાહ, વાહ!’ બોલી ઉઠીએ છીએ. કવી સામે અગરબત્તી કે દીવો સળગાવી નારીયેળ ફોડતા નથી. કવીની જેમ કુદરતનેય કેવળ થેંક્યુ કે વાહ વાહની જરુર છે. લાંબાલચ કર્મકાંડો કે ટીલાં–ટપકાંની જરુર હોતી નથી. માણસની ભક્તીમાં કાળક્રમે કૃતજ્ઞતાનો અતીરેક ભળતો ગયો. સાચી જુઠી માન્યતાઓથી ભક્તી વીકૃત થઈ. ધર્મગુરુઓએ ધર્મના કલ્યાણકારી મુળ સ્વરુપમાં મનસ્વીપણે ફેરફારો કર્યા. મનફાવતાં અર્થઘટનો કર્યાં. કાળક્રમે મુળ ધર્મ બાજુએ રહી ગયો ને ધર્મના નામે કર્મકાંડોનો અતીરેક થવા લાગ્યો. એમ કહો કે મધના નામે ખાંડની ચાસણીનો વેપાર થવા લાગ્યો.

આ બધી વરવી ધાર્મીક પ્રકીયાઓમાંથી જનમ્યો એક વર્ણસંકર રાક્ષસ...! એ રાક્ષસ તે આજનો કહેવાતો ધર્મ! સમગ્ર દુનીયામાં માત્ર માનવધર્મ જ સાચો એમ માનવાને બદલે, આ મેનમેઈડ ધર્મે માણસોને અનેક ટોળાંમાં વહેંચી નાખ્યા. જેટલાં દેવ એટલાં ટોળાં થયાં.

કોના દેવ સાચા અને વધારે પાવરફુલ તે મુદ્દા પર ક્યારેક ટોળાં વચ્ચે જુથઅથડામણ થાય છે. દરેક માથું પોતાના દેવ ખાતર ખપી જવા જંગે ચઢે છે. જોતજોતામાં લોહીનાં ખાબોચીયાં છલકાઈ જાય છે. ઘણીવાર ધાર્મીક સરઘસોમાં ગુપ્તી, હોકી સ્ટીક, સોડાવોટરની બાટલીઓ, ખંજર કે તલવારો મળી આવ્યાની ઘટનાઓ પણ બની છે.

માણસનો આ કહેવાતો ધર્મ, કમળામાંથી કમળી થઈ ગયા જેવી દુર્ઘટના છે. નહીંતર શ્રદ્ધા અને સોડાવોટરની બાટલીઓનો મેળ શી રીતે ખાય? તલવાર અને ધર્મ એક મ્યાનમાં શી રીતે રહી શકે? પેટ્રોલના પીપડામાં સળગતી મશાલ ખોસવા જેવી એ મુર્ખતા ગણાય! વધારે આઘાતની બાબત એ છે કે એ ધર્મપંડીતો વીજ્ઞાનનો વીરોધ કરે છે અને ગળુ ફાડીને ભક્તોને સમજાવે છે કે તમે દીનરાત ભગવાનના ચરણોમાં મંજીરાં વગાડતાં રહો! દયાના સાગરને નામે દેહને કષ્ટ આપતાં રહો. સંસારની મોહમાયા ત્યજો અને મોક્ષપ્રાપ્તી માટે મંડ્યા રહો! આત્માના કલ્યાણ માટે તરેહ તરેહના ટીલાં–

ટપકાં ને કર્મકાંડો કરતા રહો. સાધુસન્યાસીઓ, ગુરુઓ કે સ્વામીઓના ચરણોમાં આળોટતા રહો અને એવા કેશવાનન્દોની સેવામાં ઘરની બહેન–દીકરીઓને મોકલતા રહો. આટલું કરો તો તમારા મોક્ષનો વીઝા પાકો! તમારું કલ્યાણ નક્કી! પણ આટલું કરવા છતાં તમારું કલ્યાણ ન થઈ શકે તો નક્કી માનજો કે તમારી શ્રદ્ધા ઓછી, તમારી ભક્તી કાચી ને તમારી નીષ્ઠા નકામી!

આપણો મુળ પ્રશ્ન છે – માણસ માટે કઈ શાન્તી વધુ જરુરી – મનની શાન્તી કે પેટની? આ પ્રશ્ન, માણસ માટે શું વધુ જરુરી – શર્ટ કે નેકટાઈ જેવો ગણાય! ઉઘાડા શરીરે ગળામાં માત્ર ટાઈ પહેરી ફરનારો માણસ ભુંડો લાગે છે. તેને પાગલ કહી શકાય; પણ એવા માણસને શું કહીશું, જેઓ પોતાનાં સન્તાનોને પુરું ખાવાનું આપી શકતાં નથી; છતાં દર મહીનાના પગારમાંથી રુપીયા એકાવનનો મનીઓર્ડર અમુકતમુક મન્દીરમાં મોકલે છે!

પેટની આગ ઠારવા માટે માણસ ખેતરમાં જઈ અનાજ પકવવાને બદલે મન્દીરમાં જઈ મંજીરાં વગાડશે

તો એની ભુખ મટશે ખરી? માણસની આધ્યાત્મીક આવશ્યકતાઓ કરતાં પ્રાથમીક જરુરીયાતો વીશે વીચારવાની તાતી જરુર છે. ગામડાંઓમાં લાખો લોકો પાસે જાજરુની સુવીધા હોતી નથી; છતાં એ લોકોને પૈસા ભેગા કરી મન્દીર બાંધવાનું સુઝે છે; પણ જાજરુ બાંધવાનું સુઝતું નથી. આજના તણાવયુક્ત વાતાવરણમાં પ્રભુભજન કે દેવદર્શનથી માણસના મનને કોઈ મનોવૈજ્ઞાનીક રાહત મળતી હોય તો ભલે મન્દીરો બંધાતાં; પણ તેનો ક્રમ જાજરુથી અગ્રક્રમે કદી ન હોવો જોઈએ. તવંગર માણસ તીરુપત્તી જઈ ભગવાનના ચરણોમાં સોનું ચઢાવી આવે છે. એવી લક્ઝુરીયસ અન્ધશ્રદ્ધા અમીરો એફોર્ડ કરી શકે છે. ગરીબો પોતાની કાળી મજુરીના પૈસા પરીવાર પાછળ ખર્ચવાને બદલે ભગવાન પાછળ ખર્ચે છે, તે લંગોટી વેચીને પાઘડી ખરીદવા જેવી ભુલ ગણાય.

આપણે ત્યાં આઠમા ધોરણના પ્રવેશવંચીત વીદ્યાર્થીઓ માટે પ્રતીવર્ષ આંદોલન થાય છે. એવું આંદોલન પ્રજાએ ક્યારેય ‘મન્દીરને બદલે શાળા કૉલેજો

બાંધવી જોઈએ' એવા મુદ્દા પર કર્યું છે? થોડાં વર્ષો પર અશ્વમેધયજ્ઞમાં કરોડો રુપીયાનો ધુમાડો કરવામાં આવ્યો હતો. જરા મનના કેલ્ક્યુલેટર પર હીસાબ માંડીને કહો– એક અશ્વમેધયજ્ઞ પાછળ થતા કરોડો રુપીયાના ધુમાડામાંથી કેટલી શાળાઓ બાંધી શકાઈ હોત? પણ જવા દો એ વાત... અશ્વમેધયજ્ઞ એ આપણા અન્ધશ્રદ્ધાળુ સમાજનું સીનેમાસ્કૉપ પ્રતીક છે. જ્યાં દશમાંથી નવ માણસો એવાં યજ્ઞોની તરફેણ કરતા હોય, ત્યારે તેને અટકાવવાનું કામ ગાંડા હાથીના પગમાં સાંકળ બાંધવા સમુ કપરું છે.

તાત્પર્ય એટલું જ, સાચી જરુરીયાત મનની શાન્તી કરતાં પેટની શાન્તીની છે. ભુખ્યા ભીખારીને ધ્યાન લાગે ખરું? આધ્યાત્મીક શાન્તી મળે ખરી? મનની શાન્તી ભોજન પછીના પાનબીડાં જેવી છે. પેટ ભોજનથી તૃપ્ત થયું હોય તો જ પાનની મઝા આવે. જીવનમાં ભોજનનું મહત્ત્વ પાનબીડાં કરતાં હમ્મેશાં વધારે રહ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો જીવન માટે શું વધારે જરુરી પાણી કે

શરબત? જવાબ પાણી જ હોય શકે શરબત નહીં! કેવળ ઈશ્વરનાં મંજીરાં વગાડ્યા કરવાથી માણસનું પેટ ભરાઈ શકતું નથી અને ઈશ્વરના અસ્તીત્વને સતત ઈન્કારવાથીય માણસનો દહાડો વળતો નથી.

આસ્તીકો–નાસ્તીકો બન્ને માટે રોકડું સત્ય એ જ કે ‘ઈશ્વર છે કે નહીં’ તેની ચીંતા કર્યા વીના કામે લાગો. કામ એ જ પુજા છે. કામ એ જ ઉર્જા છે. માનવદેહને ટકાવવા પહેલી જરુરીયાત રોટીની છે. શ્રમ કર્યા વીના કોઈને રોટી મળતી નથી. જો કે કેવળ રોટીનું નહીં– ઈજ્જતની રોટીનું મુલ્ય છે. રોટી તો દાઉદ ઈબ્રાહીમનેય મળે છે અને સ્વામી સચ્ચીદાનન્દજીનેય મળે છે. પણ એક રોટી, શબરીના બોર, વીદુરજીની ભાજી કે સુદામાના તાંદુલની જેમ દરેક ધર્મના રામ અને કૃષ્ણને વહાલી હોય છે. મુળ વાત એટલી જ, બેઈમાનીની બાસુંદી કરતા ઈજ્જતની ભડકી સારી!

2

# કેટલીક અન્ધશ્રદ્ધાની કૉસ્ટ ઑફ પ્રોડક્શન બહુ ઉંચી હોય છે!

અનુક્રમણીકા

માણસના દેહમાં ફેફસાં, મગજ, હૃદય વગેરેનું સ્થાન જાણી શકાય છે; પરન્તુ બુદ્ધી મગજના ચોક્કસ કયા ભાગમાં આવેલી છે તે જાણી શકાતું નથી. કાળક્રમે દુન્યવી વીકાસ થતાં માણસની બુદ્ધીનું અનેક વીદ્યાઓમાં રુપાન્તર થયું. એ વીદ્યા એટલે વીજ્ઞાન! જીવવીજ્ઞાન, ખગોળવીજ્ઞાન, શરીરવીજ્ઞાન, રસાયણવીજ્ઞાન જેવાં વીવીધ નામોથી એ ઓળખાય છે. માણસ ધીમે ધીમે અનેક વીદ્યાઓમાં મહારત હાંસલ કરતો ગયો અને એ રીતે એને જીવનનું વીજ્ઞાન આવડી ગયું. માણસનું સર્વોત્તમ જીવવીજ્ઞાન એટલે રૅશનાલીઝમ!

સુરતમાં વર્ષો પહેલાં શ્રી. રાવ નામના કમીશ્નર પદે સુરતને ‘સ્વચ્છનગરી’નો ઍવોર્ડ મળ્યો હતો; પરન્તુ તે

એક અલગ સીદ્ધી હતી. આપણી પાર વીનાની અન્ધશ્રદ્ધાઓ, વહેમો, કુરીવાજો, વધુ પડતા કર્મકાંડો જેવી ટનબંધી વૈચારીક ગંદકીનો પ્રશ્ન હજી ઉભો છે. ઘરનાં બારીબારણા ચોખ્ખાં રહે એટલું પુરતું નથી; એ બારણે મરચું અને લીંબુ લટકાવેલું હોય ત્યાં સુધી એ સ્વચ્છતા અભીયાન અધુરું લેખાય. સંભવતઃ વર્ષો પુર્વે સુરતની ‘સત્યશોધક સભા’એ સુરતમાં અન્ધશ્રદ્ધાનું ડીમોલીશન આરંભ્યું હતું; પરન્તુ એ મનોશુદ્ધી અભીયાનને કમીશ્નર રાવ જેટલી સફળતા પ્રાપ્ત થઈ શકી નથી.

શ્રી. રાવનું લક્ષ્યાંક શહેરને સ્વચ્છ બનાવવાનું હતું. પ્રમાણમાં તે સહેલું હતું. ‘તમારી ગલી સ્વચ્છ રાખો’ એવું લોકોને કહેવાનું સહેલું છે; પરન્તુ ‘ગલીગલીમાં ગણપતી ના માંડો’ એમ કહેવાનું અઘરું છે. ગણેશવીસર્જન કે તાજીયાના જુલુસથી કલાકો સુધી મેઈન રોડનો ટ્રાફીક જામ થઈ જાય છે તે આજની દુઃખદ વાસ્તવીકતા છે. ‘જાહેર માર્ગો પર એવા સરઘસ ના કાઢો’ – એવું કહી શકે એવો કોઈ ‘રાવ’ હજી પાક્યો નથી. લોકો

અન્ધશ્રદ્ધાને બાપદાદાની મીલકત સમી ગૌરવશાળી અને જતનતુલ્ય સમજે છે.

માણસ રોજ સવારે ઉમ્બર ધુએ છે, ઠાકોરજીની મુર્તી ધુએ છે, શીવલીંગ ધુએ છે, હમામ સાબુથી કપાળ ધુએ છે અને ત્યાર બાદ ખરો ખેલ શરુ થાય છે. કપાળ કંકુથી ગંદું કરે છે. મુર્તી જો હનુમાનની હોય તો તેને તેલસીંદુરથી ખરડે છે. શંકરની હોય તો તે પર દુધ, દહીં, મધ વગેરેની રેલમછેલ કરે છે. આટલી ભક્તી પછી પણ માણસનો 'કપટનો ખેલ' અને 'મનનો મેલ' અકબન્ધ રહે છે. લાખો કરોડોનો લાભ થઈ શકે એમ હોય તો માણસ એ મુર્તીના તમે કહો તેટલા ટુકડા કરી આપવા તૈયાર થઈ જાય છે. નવસારીમાં કોઈકે હનુમાનજીની આંખો ફોડી નાખી હતી. હું ધન્યવાદ આપું છું નવસારીની શાણી પ્રજાને કે એ કામ મુસ્લીમોનું છે એમ માની કોમી રમખાણો ન ફાટી નીકળ્યાં!

મેં ઘણા એવા વડીલો જોયા છે જેઓ સન્તાનોને ધાર્મીક પુસ્તકો નીયમીત વાંચવાની કડકાઈપુર્વક ફરજ

પાડે છે. પરન્તુ તેમનો સંસ્કારમય ઉછેર કરવા અંગે લગીરે ધ્યાન આપતા નથી. કોઈ દીકરો ગીતાના બે અધ્યાય નીયમીત વાંચતો હોય; પણ રોજ ગુટકાની એકવીશ પડીકી આરોગી જતો હોય તો તેના ગીતાપાઠથી હરખાવા જેવું ખરું? નાનપણથી જ અનેક લુચ્ચાઈઓથી ઘેરાયેલો કોઈ માણસ વેપારમાં પડે એટલે સમજો કે 'કડવી તુમડી લીમડે ચઢી'! બચુભાઈનો ભત્રીજો એ જ પ્રકારનો સર્વદુર્ગુણ સમ્પન્ન માણસ છે. એણે વેપારમાં ઝુકાવ્યું ત્યારે બચુભાઈ એક કહેવત બોલેલા– 'મુળે કલ્લુભાઈ કાળા અને વેપલો શરુ કર્યો કોલસાનો!' ગલ્લા પર બેસીને ગ્રાહકોને બેફામ લુંટતા કોઈ 'શ્રદ્ધાળુ શેઠીયા' કરતાં ભગવાનના માથા પરનો સુવર્ણ મુકુટ ચોરનાર કોઈ 'ગરીબ ચોર' મને ઓછો ગુનેગાર લાગે છે.

એક દુકાનદારનો મને પરીચય છે. એ પોતાની દુકાનમાં નોકરો પાસે આખો દીવસ સખત હાથે કામ લીધા પછી તેને સાંજે મજુરીના પૈસા ચુકવવામાં ઈરાદાપુર્વકનો વીલમ્બ કરીને તેની પાસે એકાદ કલાક વધુ

કામ કરાવી લે છે. એ વેપારી દર મહીને સવા એકાવન રુપીયાનો મનીઓર્ડર ગોંડલ – ભુવનેશ્વરીમાતાને મોકલે છે. માણસે આવા અન્ધશ્રદ્ધાભર્યા દમ્ભથી બચવાનું છે. તેમાં શ્રી. રાવ જેવા કોઈ મ્યુનીસીપલ કમીશ્નર આપણી કોઈ મદદ કરી શકે તેમ નથી.

દર સોમવારે અને વીશેષતઃ શ્રાવણ માસમાં ગુજરાતભરમાં શંકર ભગવાનના શીવલીંગ પર દુધનો અભીષેક કરવામાં આવે છે. આ અભીષેક એટલા મોટા પ્રમાણમાં થાય છે કે એ સઘળું દુધ ભેગું કરી ગરીબોનાં બાળકોને આપવામાં આવે તો લાખો ભુખ્યાં બાળકોનાં પેટનો જઠરાગ્ની તૃપ્ત થઈ શકે અને શંકર ભગવાનનેય સાચો આનન્દ થાય! પરન્તુ એવું થતું નથી. થશે પણ નહીં. ક્યારેક તો પુરા કદની આખી જીન્દગી વીતી જાય છે; તોય માણસને સાવ સીધી વાત નથી સમજાતી કે 'શીવ'ને નહીં 'જીવ'ને દુધની સાચી જરુર હોય છે.

સમગ્ર દેશમાં મન્ત્રતન્ત્રમાં વપરાતા દોરા–ધાગાઓ, ધાર્મીક કર્મકાંડોમાં વપરાતી કંઠીઓ કે

નાડાછડીઓ, તથા વટસાવીત્રી જેવા વ્રતોમાં વેડફાતું બધું સુતર ભેગું કરવામાં આવે તો સેંકડો ગરીબોનાં નગ્ન બાળકો પહેરી શકે એટલી ચડ્ડીઓ બની શકે. દર શનીવારે હનુમાનજીના મન્દીરે તેલ ચઢાવવામાં આવે છે તે સઘળું તેલ એકત્ર કરવામાં આવે તો કરોડો ભુખપીડીત ગરીબોને એક ટાઈમ ફાફડા ખવડાવી શકાય! પરન્તુ આપણે અબીલ, ગુલાલ અને કંકુમાંથી ઉંચા નથી આવતા. ક્યારેક વીચાર આવે છે : આ અબીલ, ગુલાલ, કંકુ, સીંદુર વગેરેનો ધાર્મીક વીધીઓ સીવાય અન્ય શો ઉપયોગ થતો હશે? ઓસ્ટ્રેલીયા, જાપાન કે અમેરીકામાં કંકુનાં કારખાનાં હશે ખરાં? ત્યાં તો વૈજ્ઞાનીક શોધોય વધુ વાસી થાય તો ફગાવી દેવામાં આવે છે!

બચુભાઈ કહે છે : ‘મારું ચાલે તો દેશભરમાં બારસાખે લટકતાં લીંબુઓ ભેગાં કરી સીવીલ હૉસ્પીટલના ગરીબ દરદીઓને લીંબુનું સરબત પાઉં! બલકે હું ખુદ લીંબુ હોઉં તો મને બારસાખે નીરર્થક લટકી રહેવા કરતાં ગરીબોની તૃષાતૃપ્તી ખાતર નીચોવાઈ જવાનું

જ વધુ ગમે!' શ્રી. ગુણવંત શાહે સુરતમાં કહ્યું હતું : 'મદ્રાસમાં કોઈ ઠેકાણે ચોખામાં ભેળવવાની કાંકરીનું આખું કારખાનું ચાલે છે!' મને ખાતરી છે આપણે ત્યાં પણ કો'ક ઠેકાણે માંદળીયાં કે તાવીજ બનાવવાની બહુ મોટી ફેક્ટરીઓ ચાલતી હશે. લોબાન શબ્દ હું માંદળીયાં સાથે જ સાંભળતો આવ્યો છું. એની સુગંધ મને ગમે છે. પરન્તુ એ જન્તરમન્તર, ભગત–ભુવા કે મેલીવીદ્યાની સાધનામાં જ ખાસ વપરાય છે એવું જાણ્યું ત્યારે અત્તરની બોટલ જાજરુના ટબમાં ઠાલવવામાં આવતી હોય એવું લાગ્યું.

લોબાન અને માંદળીયાંનાં ગોત્રનો જ એક અન્ય પદાર્થ છે – પીંછી! ગામડાંમાં આજેય બાળકને કોઈ રોગ થયો હોય તો તેને બહારનો વળગાડ છે માની પીંછી નંખાવવા ભગત પાસે લઈ જવામાં આવે છે. એ પીંછીમાં મોરનાં રંગબેરંગી પીંછાંનો ઉપયોગ કરવામાં આવે છે. એ પીંછીઓ ભગતભુવાઓ સીવાય અન્ય કોઈને કામ આવતી નથી. એક વાર એક મેળામાં પીંછીઓ વેચતા એક માણસને પુછતા તેણે જવાબ આપ્યો હતો : 'હું ચાલીસ

વર્ષોથી પીંછીઓ વેચવાનો ધન્ધો કરું છું. મારા દીકરાઓ મોર મારે છે અને તેનાં પીંછાંઓમાંથી હું પીંછીઓ બનાવી વેચું છું!' કલ્પી શકાય એવી બાબત છે. આજપર્યન્ત કેટલા મોર મર્યા હશે ત્યારે એક અન્ધશ્રદ્ધા જીવીત રહી શકી હશે? જોયું? આપણા રાષ્ટ્રીય પક્ષી મોર કરતાં આપણી અન્ધશ્રદ્ધાની કૉસ્ટ ઑફ પ્રોડક્શન કેટલી ઉંચી છે?

3

# ટ્રાંસપ્લાન્ટેશન ઓફ વરચ્યુઝ…!

## (સદ્‌ગુણોનું પ્રત્યારોપણ)

અનુક્રમણીકા

જમીન અને હવામાં કરોડોની સંખ્યામાં તરેહ તરેહના જીવજંતુઓનું અસ્તીત્વ રહેલું છે. સાધારણ માણસ તે અંગે ઉંડી જાણકારી ધરાવતો નથી. વસ્તુને હજાર ગણી મોટી દેખાડતા મેગ્નીફાઈંગ ગ્લાસ વડે જ જોઈ શકાય એવા સુક્ષ્મ જંતુઓ પેદા કરવાનું કુદરત પાસે કયું કારણ હશે તે આપણે જાણતા નથી; પરન્તુ ટીવીની ‘ડીસ્કવરી’ ચેનલ જોતાં ખ્યાલ આવે છે કે કુદરતની અદ્‌ભુત લીલાઓ વીશે આપણે બહું ઓછું જાણીએ છીએ.

સદીઓ પુર્વે માનવી અળસીયાં, પતંગીયા, જેવાં નાના જીવોની ઉપયોગીતા વીશે જાણતો નહોતો. હવે માણસને એવાં અનેક જીવોની ઉપયોગીતા સમજાઈ છે. જેમ કે અળસીયાં જમીનને ફળદ્રુપ બનાવવાના કામમાં

આવે છે. (કેટલીક જગ્યાએ તો અળસીયાંની ખેતી કરવામાં આવે છે.) પતંગીયા ફુલોના ફલીકરણ માટે પરાગરજ વહન કરવાના કામમાં આવે છે. પૃથ્વી પર સાપના અસ્તીત્વનું શું પ્રયોજન એવો પ્રશ્ન થઈ શકે; પણ સાપ ખેડુતનો ગુરખો ગણાય છે. પાકને ભયંકર નુકસાન પહોંચાડતા ઉન્દરને ખાઈ જઈ તે ખેડુતોને ખેતીમાં રક્ષણ આપે છે.

જીવસૃષ્ટીનાં આવા સેંકડો રહસ્યો માણસે શોધ્યા છે. એટલું જ નહીં, તેનું રક્ષણ અને સંવર્ધન પણ કર્યું છે. ઈન્સાન અને કુદરતના કોલોબોરેશનથી એવી ઘણી સીદ્ધીઓ પ્રાપ્ત થઈ શકી છે. માણસના કે ઢોરના મળમુત્ર જેવી સર્વથા ત્યાજ્ય ચીજોમાંથી ગોબરગૅસ જેવી અતી ઉપયોગી ઉર્જા માણસે પેદા કરી છે. સો દોઢસો વર્ષ પુર્વે કોઈએ કહ્યું હોત કે મળમુત્રમાંથી ગૅસ જેવી કીંમતી ઉર્જા પેદા કરી શકાશે તો માની શકાયું ના હોત.. અને વળી આ કોમ્પ્યુટર..? અલ્લાઉદીનના જાદુઈ ચીરાગ જેવા કોમ્પ્યુટરે

જે હેરતંગેજ કારનામા કર્યા છે તેની તો વાત જ નીરાળી છે.

આ બધી સીદ્ધીઓનું સરવૈયું માનવજીવનની શ્રેષ્ઠતમ સુખાકારીઓ વીશે આશાવાદી બનાવે છે. આજે કોઈ સમસ્યા યા કોઈ પ્રશ્નોનો જવાબ વીજ્ઞાન પાસે ના હોય તો હાલ પુરતું તેને વીજ્ઞાનની પહોંચ બહારની વાત ગણાવી શકાય. શક્ય છે આવતી કાલે તે માણસને પ્રાપ્ત થઈ શકે. આજપર્યંત વીકસતા વીજ્ઞાનના સથવારે માણસે પ્રકૃતીના સેંકડો રહસ્યો હસ્તગત કર્યાં છે. આજે અસાધ્ય લાગતા કેટલાંક અકબન્ધ રહસ્યો ભવીષ્યમાં માણસની મુઠીમાં આવી શકશે. આજે લોહી બનાવી શકાતું નથી. કાળક્રમે તેય શક્ય બનશે. કૃત્રીમ ફેફસા અને હૃદય–('પેસમેકર') બનાવવામાં માણસને સમ્પુર્ણ સફળતા મળી શકી છે.

અત્રે એક આગાહી કરીએ, જે હાલ તો ગપ્પા જેવી લાગવા સમ્ભવ છે, પરન્તુ વૈજ્ઞાનીક શોધખોળોની તેજ રફતાર જોતાં ભવીષ્યમાં તે અવશ્ય શક્ય બનશે.

અફસોસ એટલો જ કે ત્યારે આ લખનાર અને વાંચનાર બન્ને હયાત નહીં હોય! એ સીદ્ધી છે ટ્રાંસપ્લાન્ટેશન ઓફ વરચ્યુઝની! અર્થાત્ ભવીષ્યમાં વીજ્ઞાનની મદદથી માણસને સજ્જન બનાવી શકાશે. પ્રેમ, માનવતા, કરુણતા, સજ્જનતા જેવાં તમામ સદ્ગુણો, લોહીની જેમ માનવીના મગજમાં રોપી શકાશે. એ રીતે દુષ્ટ માણસને થોડો સજ્જન બનાવી શકાશે. એમ કહો કે દાઉદ ઈબ્રાહીમના દીમાગમાં કોઈ સંતના સદ્ગુણો દાખલ કરીને તેને સજ્જન બનાવી શકાશે. બ્લડ બેંકોની જેમ ભવીષ્યમાં સદ્ગુણોની બેંકો અસ્તીત્વમાં આવશે.

મૃત માનવીનો આજે અગ્નીસંસ્કાર કરવામાં આવે છે. કેમકે કુદરતે માનવીના હૃદયમાં મુકેલી ધબકારાની કરામત હજી માણસને હાથ લાગી નથી. માણસને હૃદયની ઘડીયાળ રીપેર કરતાં આવડી જશે ત્યારે માણસનું મરણપ્રમાણ શુન્ય થઈ જશે. વર્ષો પુર્વે કૃત્રીમ હૃદયથી માણસને જીવાડવાની વાત ગપગોળા જેવી જણાતી હતી. આજે વીજ્ઞાને એ કરીશ્મો સીદ્ધ કરી બતાવ્યો છે.

ભવીષ્યમાં વીજ્ઞાન એવું સંશોધન કરશે કે હોલવાઈ ગયેલી સગડી ગૅસનું સીલીન્ડર બદલવાથી પુનઃ ચાલુ થઈ શકે છે. (અથવા ઘડીયાળમાં સેલ બદલવાથી તે ફરી એકાદ વર્ષ સુધી જવાબ આપે છે) તેમ માણસના બન્ધ પડી ગયેલા હૃદયમાં આયુષ્યનો ગૅસ પુરવાથી તે બીજા થોડાંક વર્ષો સુધી ફરી જીવી શકશે. અર્થાત્ હૃદયની બેટરી રીચાર્જ થઈ શકશે. શરીર પરનું વસ્ત્ર જે સહજતાથી તે બદલી શકાય છે તેટલી સહજતાથી શરીર આખાની ચામડી બદલી શકાય એવું મેડીકલ સંશોધન તો હાલ થયું જ છે. એ સીવાય પણ મેડીકલ સાયન્સે સેંકડો સંશોધનો કર્યાં છે. આજે કાળા, કદરુપા માણસને પ્લાસ્ટીક સર્જરી વડે રુપાળા બનાવી શકાય છે. અન્ધજનોને દેખતાં કરી શકાય છે. બહેરાને સાંભળતા કરી શકાય છે. લુલા, લંગડા અપંગોને ચાલતાં કરી શકાય છે. સ્ત્રીની મદદ વીના બાળકને ટેસ્ટટ્યુબમાં વીકસાવી શકાય છે. અરે! સ્ત્રીને પુરુષ અને પુરુષને સ્ત્રી બનાવવા સુધીની તરક્કી મેડીકલ સાયન્સે કરી છે. લોહીનું કેન્સર (લ્યુકેમીયા) થયું હોય

એવા દરદીનું બધું લોહી કાઢી લઈ નવું લોહી આપી તેનો જીવ બચાવવામાં પણ માણસને સફળતા મળી છે.

આ ઉપરાંત ભવીષ્યમાં એક માણસનું મગજ બીજા માણસમાં ટ્રાન્સપ્લાન્ટ (પ્રત્યારોપીત) કરી શકાશે. (ભુલતો ના હોઉં તો હૃદયસ્થ કાંતી મડીયાના એક નાટક ‘કોઈ ભીંતેથી આયના ઉતારો’માં મગજના ટ્રાંસપ્લાન્ટેશનનો આવો જ પ્લૉટ રજુ થયો હતો.) બચુભાઈ કહે છે– ‘અગર એવું શક્ય બનશે તો કોંગ્રેસીનું મગજ ભાજપવાળામાં નાખવામાં આવશે તો વટલાયેલો ભાજપીયો અડવાણી કે બાજપેયીની અદબ જાળવવાને બદલે છુટે મોઢે ગાળો ભાંડવા લાગશે!’) ‘પેસમેકર’ દ્વારા ખોટકાયેલા હૃદયને કાર્યરત કરવા સુધી માણસ પહોંચી શક્યો છે; પરન્તુ સમ્પુર્ણ બન્ધ પડી ગયેલા હૃદયને પુનઃ ચાલુ કરવામાં તેને સફળતા મળશે તો વીજ્ઞાનની તે અજીબોગરીબ સીદ્ધી હશે. આપણે ભવીષ્યના ગાંધી, ડૉ. આંબેડકર, સરદાર કે શાસ્ત્રીજીને ગુમાવવા નહીં પડે. માનવ વસતીમાં મૃત્યુનો મૃત્યુઘંટ વાગી જશે. સ્મશાનો

ખંડેર બની જશે. નનામીઓ મ્યુઝીયમમાં મુકાશે. વીજ્ઞાન નામના દેવતાના આશીર્વાદથી માણસ અમરત્વ પ્રાપ્ત કરી લેશે. એક જમાનામાં આકાશમાં ઉડવાની વાતો કે સમુદ્રના તળીયે પહોંચવાની વાતો પરીકથા જેવી લાગતી હતી. આજે વીજ્ઞાને તે શક્ય બનાવ્યું છે.

ઉપર્યુક્ત આગાહીઓ આજે ગપગોળા જેવી લાગે છે પણ તે સાચી પડશે ત્યારે પૃથ્વીલોક પર ફરી દેવયુગની સ્થાપના થશે. જેમાં વીજ્ઞાનની મદદથી દુર્જનોને સજ્જન બનાવી શકાશે. મોરારીબાપુની રામકથા માણસને સજ્જન બનાવવાની કોઈ ગેરન્ટી આપી શકતી નથી. પરન્તુ વીજ્ઞાન માણસને સજ્જન બનાવવાની સો ટકા ગેરન્ટી આપશે. હા, એ સીદ્ધીના કેટલાંક ભયસ્થાનો પણ હશે. જે રીતે અણુબોમ્બ માનવ કલ્યાણને બદલે માનવ વસતીને નષ્ટ કરવા માટે પણ વાપરી શકાય છે તેમ માણસના મગજમાં સજ્જનને બદલે દુષ્ટ માણસના વાયરસ દાખલ કરવાથી તે રાક્ષસ બની જાય એવું પણ બનશે! (પાકીસ્તાનવાળા એ શોધ વડે લાખોની સંખ્યામાં દાઉદ

ઈબ્રાહીમો કે ઓસામા–બીન–લાદેનો પેદા કરી ભારતમાં છુપા માર્ગે ઘુસાડશે. પછી કદાચ તેમણે ભારત સાથે યુદ્ધ કરવાની જરુર નહીં રહે!)

## 4

# દરેક માણસ પાસે સદ્‌કર્મોનો રેશનકાર્ડ હોવો જોઈએ!

અનુક્રમણીકા

ગીતામાં શ્રી કૃષ્ણે કર્મ અને ધર્મનો મર્મ સમજાવતાં કહ્યું છે– ‘જેવા કર્મ કરશો તેવા ફળ પામશો!’ એમ કહીને તેમણે સુખી જીન્દગી માટે સદ્‌કર્મોની આવશ્યક્તા ઉપર ભાર મુક્યો છે. કુરાનમાં મહમ્મદ પયગમ્બર સાહેબે કહ્યું છે– ‘તમારા ઘરની ચારે દીશામાં દસ દસ ઘરવાળા તમારા પાડોશીઓ છે. તેઓ ભુખ્યા હશે ને તમે જમશો તો તે પાપ ગણાશે. બીજા ધર્મોના અનુયાયીઓ પ્રત્યે સદ્‌વ્યવહાર રાખવો. અન્ય ધર્મો સાથે જબરજસ્તી ન કરવી. (કુરનાઃ સુરે બકરહઃ 256) આપણા બહુધા ધર્મોમાં આવા કીમતી ઉપદેશો રહેલા છે; પરન્તુ આપણે અખરોટની મીંજ ત્યજી દઈ તેના ફોતરા ખાવાની ભુલ કરીએ છીએ. કેવળ કર્મકાંડોને આપણે ધર્મ સમજી બેઠા છીએ અને ધર્મના ઉપયોગી મર્મને વીસારી બેઠા છીએ.

હમણાં એક ધાર્મીક માણસની વાત જાણવા મળી. એ વ્યક્તી વર્ષમાં સત્યનારાયણની ચાર કથા કરાવે. વર્ષમાં બાર સાધુસંતોને જમાડે. અને પ્રતીવર્ષ ધાર્મીક પ્રવાસનું આયોજન કરે; પણ એની ઘરડી માતાના ચશ્માની તુટેલી ફ્રેમ બદલાવવાનો એની પાસે સમય નથી. ચશ્મા પડી ન જાય તે માટે માતા એક હાથે ચશ્મા પકડી રાખે છે. જો હું ભગવાન હોંઉ તો એવા માણસોને સ્વપ્નમાં આવી કહું– ‘પ્રથમ તમારા માતા પીતાની સેવા કર... પછી મારી ભક્તી કર!’

કેટલાંક સુખો વૈશ્વીક હોય છે. ધનવાનો પણ એ સુખના એકલા માલીક બની શકતા નથી. સુરજના પ્રકાશનું ખાનગીકરણ થઈ શકે ખરું? દુનીયાભરના હવા પાણીને માલેતુજારો પોતાના ગોડાઉનમાં ભરી લઈ શકે ખરાં? કુદરતી સુખોની પ્રકૃતી તળાવ જેવી બંધીયાર નહીં સમુદ્ર જેવી વીશાળ હોય છે. સુખ જે શરતે આપણી વચ્ચે ટકી શકતું હોય તે શરતે તેનું લાલન પાલન કરવું જોઈએ.

એ માટે સુખની બધી શરતોનો બુદ્ધીપુર્વક અભ્યાસ કરવો અનીવાર્ય છે.

ઠંડી લાગે તો માણસ ધાબળો ઓઢે છે. ગરમી લાગે તો પંખો ચલાવે છે. ધાબળો અને પંખો એ માનવ સર્જીત સુવીધાઓ છે. પણ તે સાધનોને કદી કુદરતની કૃપા ગણાવી શકાય નહીં. માણસની બુદ્ધી એ કુદરતની સાચી કૃપા છે. બુદ્ધીના શસ્ત્ર દ્વારા માનવીએ દુનીયામાં સુખનું સામ્રાજ્ય સ્થાપ્યું છે. અજીબો ગરીબ વીકાસ સાધ્યો છે.

માનવીના દીમાગમાં ઝળહળતા બુદ્ધીના બલ્બ ઝાંખા થશે તે ક્ષણથી એની સુખ શાંતી તરફની ગતી મન્દ પડવા લાગશે. માણસ બુદ્ધીને બદલે કહેવાતા ધર્મને શરણે ગયો ત્યારથી તેની દશા પથ ભુલ્યા પથીક જેવી થઈ ગઈ છે. કંઈક એવું સમજાય છે કે માણસે પોતાની ઈશ્વરભક્તીમાં થોડું મોડીફીકેશન લાવવાની જરુર છે. પોતાની તમામ શ્રદ્ધા, ભક્તી કે ધર્મને તેણે માનવતા સાથે જોડવા પડશે. ઈશ્વરની સ્થુળ ભક્તી કે કર્મકાંડોમાં રચ્યાપચ્યા રહેવાને બદલે સદ્કર્મોને સાચી પ્રભુભક્તી

ગણવી પડશે. થોડાંક કરવા જેવા પરીવર્તનો કંઈક આવા હોઈ શકે.

સમાજના દરેક લગ્ન ટાણે એક રક્તદાનનો કેમ્પ યોજાવો જોઈએ. વરકન્યા સહીત પ્રત્યેક જાનૈયાઓએ ચક્ષુદાનની પ્રતીજ્ઞા લેવી જોઈએ. બધી જ્ઞાતીના લોકોએ પોતાના સમાજના વીકાસ અર્થે ચીંતનશાળાનું આયોજન કરવું જોઈએ. જેમાં નીયમીત વીદ્વાનોના પ્રવચનો કે ગોષ્ઠી થવી જોઈએ. એમ થવાથી લોકોને વીચારવાની ટેવ પડી શકે. તેઓ સમાજની સમસ્યા અંગે વીચારતાં થાય. તેમનો બૌદ્ધીક વીકાસ થઈ શકે. દહેજ, વાંકડો, પહેરામણી, જનોઈ, મોસાળું જેવાં તમામ કુરીવાજો પર ખુલ્લા મને ચર્ચા વીચારણા થવી જોઈએ. અને બને તો તેને તીલાંજલી આપવી જોઈએ. એક ભાગવદ્ સપ્તાહમાં બેસવા કરતાં ‘વાંકડા વીરોધી મંચ’માં હાજરી આપવી એ સાચી ધાર્મીક્તા ગણાવી જોઈએ. યાદ રહે એક રામકથા કરતાં એક ચક્ષુદાન કેમ્પ સમાજને વધુ ઉપયોગી છે. એથી

રામકથા સાથે ચક્ષુદાન કે રક્તદાન જેવા માનવઉપયોગી સદ્‌કર્મોને જોડી દેવા જોઈએ.

આરતી ઉતારવાના કે કથામાં બેસવાના અમુક તમુક રુપીયા આપવાની પ્રથા આપણે જોતાં આવ્યા છીએ. એ કુરીવાજને સદ્‌કર્મ બનાવી શકાય તે માટે પ્રત્યેક ધાર્મીક તહેવાર ટાણે એવો નીયમ બનાવવો રહ્યો કે જેઓ ગરીબ વીદ્યાર્થીઓના શીક્ષણ માટે હમ્મેશાં પોતાની આવકનો અમુક હીસ્સો ખર્ચશે તેને જ મન્દીરમાં પ્રવેશ મળશે. અથવા તેને જ આરતી કરવા દેવામાં આવશે. (આ નીયમથી બે ફાયદા થશે. જેમને ઈશ્વર પ્રત્યે સાચી શ્રદ્ધા હશે તેઓ ગમે તેવા આકરા નીયમોનું પાલન કરીનેય સદ્‌કર્મો કરશે. અને જેમની શ્રદ્ધા ઓછી હશે તેમની મન્દીરમાં નીરર્થક ગીરદી અટકશે.) પ્રત્યેક શ્રાવણ માસમાં મન્દીરોમાં શ્રદ્ધાળુઓના મેળા રહે છે. બહેનો વ્રત, ઉપવાસ, ભજન– કીર્તન, પુજા–પાઠ વગેરેમાં ગળાડુબ રહે છે. બહેનોએ આ બધી પ્રવૃત્તી કરતાં વાંકડા, દહેજ જેવા સ્ત્રી શોષણના અનીષ્ટોને નાબુદ કરવા નક્કર પ્રવૃત્તીઓ

હાથ ધરવી જોઈએ. પુરુષોના અત્યાચારો સામે વૈચારીક ક્રાંતી દ્વારા સ્ત્રી જાગૃતી લાવવા શીક્ષીત બહેનોએ આગળ આવવું જોઈએ.

પ્રત્યેક ધર્મ યા કોમના માણસો સમાજના દુઃખી માણસોને મદદ કરે એ તેની સાચી ભક્તી ગણાવી જોઈએ. પોતાની જ્ઞાતીનો એક પણ માણસ દુઃખી ના હોય એ બાબત જ્ઞાતીની સાચી પ્રતીષ્ઠા ગણાવી જોઈએ. જ્ઞાતી તરફથી મન્દીરો બાંધવાને બદલે શાળા, કૉલેજ, અનાથાશ્રમ, છાત્રાલય, ઘરડાઘર, દવાખાના, હૉસ્પીટલો વગેરેની ભેટ સમાજને આપવી જોઈએ. (શાળાઓ બાંધવાથી પ્રતીવર્ષ ઉદ્‌ભવતો પ્રવેશવંચીત વીદ્યાર્થીઓનો પ્રશ્ન હલ થઈ શકે.)

કંટ્રોલના રેશનકાર્ડની જેમ દરેક નાગરીક પાસે પોતાની આસ્તીક્તાની સાબીતી માટે સદ્‌કર્મોનો રેશનકાર્ડ હોવો જોઈએ. એ રેશનકાર્ડમાં તેના બધાં સદ્‌કર્મો નોંધાયેલા હોવા જોઈએ. એવા રેશનકાર્ડનું મુલ્ય પરદેશના ગ્રીનકાર્ડ કરતાંય અધીક હોવું જોઈએ. આવો રેશનકાર્ડ

પ્રાપ્ત કરવા માટે કેવળ પ્રભુભક્તી નહીં, સાચા અર્થમાં નક્કર માનવસેવા કરેલી હોવી જોઈએ. એ રેશનકાર્ડ પ્રાપ્તીના નીયમો અતી ચુસ્ત હોવા જોઈએ. એ ચકાસણીમાં ખુદ મોરારીબાપુ ય નાપાસ થાય તો તેમને કાર્ડ પ્રાપ્ત ન થઈ શકે એવી કડક જોગવાઈ હોવી જોઈએ. યાદ રહે ધર્મ ક્યારેય નાબુદ થઈ શકવાનો નથી. એ સંજોગોમાં લોકોની ધાર્મીક ભાવનાને માનવતાના કામો સાથે જોડવાથી સમાજને ફાયદો થઈ શકશે.

માણસની પ્રભુભક્તીને સદ્કર્મો સાથે જોડવાની વાતને આપણાં મન્દીરો ખુબ સારી રીતે અપનાવી શકે એમ છે. આવું એક પુનીત કાર્ય બીલીમોરા સ્થીત જલારામ મન્દીરે અપનાવ્યું છે. આ મન્દીરે ‘જલારામ માનવસેવા ટ્રસ્ટ’ના બેનર હેઠળ જે સુંદર કાર્યો કર્યા છે તે અન્ય મન્દીરોએ કે ધાર્મીક ટ્રસ્ટો માટે પ્રેરણાદાયી છે. એ કામોની યાદી પર એક નજર નાખીએ :

– જલારામ મન્દીર તરફથી બીલીમોરાના રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ પર નીયમીત ઠંડા પાણીની જલારામ

જલધારા ચાલે છે. જેથી પ્રવાસીઓને ઠંડુ પાણી મળી શકે છે.

– ગરીબ અને મધ્યમ વર્ગના દરદીઓને મફ્ત દવા, લોહી, ઈંજેક્શનો, ફળો વગેરે આપવામાં આવે છે.

– એ સીવાય અપંગ નીરાધાર માણસોને મફ્ત ડૉક્ટરી સહાય આપવામાં આવે છે.

– ગરીબ અને મધ્યમ વર્ગના વીદ્યાર્થીઓને સ્કૉલરશીપ, પાઠ્યપુસ્તકો વગેરે વીનામુલ્યે આપવામાં આવે છે.

– નીરાધાર અપંગોને વીના મુલ્યે ટ્રાઈસીકલોની વહેંચણી કરવામાં આવે છે.

– અતીવૃષ્ટી, અનાવૃષ્ટી, વાવાઝોડું, કે ભુકમ્પ જેવાં કુદરતી પ્રકોપમાં દરેક પ્રકારની સેવા કરવા માટે ‘જલારામ ટ્રસ્ટ’ સરકારી દફતરે નોંધાયેલું છે. ટ્રસ્ટ

તરફથી મોતીયાના ઑપરેશનનો કેમ્પ પણ વીના મુલ્યે રાખવામાં આવે છે.

– ગરીબ લોકોના બાળકોની ફી, પાઠ્યપુસ્તકો, તેમજ અન્ય જરુરી સગવડો માટે ટ્રસ્ટ વીના મુલ્યે તમામ સહકાર સુવીધા આપે છે. આજપર્યંત અનેક માનવસેવાના કાર્યો માટે 'જલારામ ટ્રસ્ટે' ખાસ્સી એવી મોટી રકમ ખર્ચી છે.

નવસારીનું આશાપુરી મન્દીર પણ ગરીબ દરદીઓને કાર્ડીયોગ્રામ સહીતના અનેક મેડીકલ રીપોર્ટ વીના મુલ્યે કાઢી આપે છે. એ સીવાય જરુરતમન્દોને મફત દવા, ભોજન, કપડાં વગેરેની પણ સહાય કરે છે.

તાત્પર્ય એટલું જ કે પુજા–પાઠ જેવાં સ્થુળ કર્મકાંડોને માનવસેવા જોડે સાંકળીને દેશનાં દરેક મન્દીર, મસ્જીદો કે ગીરજાઘરો આ રીતે માનવસેવાના ટ્રસ્ટ બની રહે એવો સમય પાકી ગયો છે. શ્રદ્ધાળુઓ આખું વર્ષ માળા ફેરવે છે; પણ માળામાં જેટલાં મણકા હોય તેટલા

સદ્કર્મો એક વર્ષમાં કરવાની ટેક રાખે તો ભગવાનના અવતર્યા વીનાય આ સૃષ્ટીનો ઉદ્ધાર થઈ શકે. દેશનો પ્રત્યેક નાગરીક એક વર્ષમાં કેવળ એક જ સદ્કર્મ કરવાની પ્રતીજ્ઞા લે તો એક વર્ષમાં પુરા સો કરોડ સદ્કર્મો થઈ શકે! ધર્મની આનાથી સુંદર ફલશ્રુતી અન્ય કઈ હોઈ શકે? સરકાર અને ધર્મસંપ્રદાયો પણ ના કરી શકે એવાં સુંદર કામો આવા આયોજનથી થઈ શકે.

•●♦●•

5

# અમરનાથનો એ નગ્ન બાવો..!

અનુક્રમણીકા

એક શહેરમાં વીજ્ઞાન શીબીર યોજાઈ હતી. એમાં એક રૅશનાલીસ્ટમીત્ર ચમત્કારો શી રીતે બને છે તેની ટ્રીક શીખવી રહ્યા હતા. વીજ્ઞાનની અવનવી તરકીબો શીખી રહેલા બાળકોને જોઈને એક વડીલ બોલ્યા : 'આ બાળકો ઉગમણા આકાશના તારાઓ છે. આવતી કાલનો સમાજ એમનાથી ભરેલો હશે. એઓ ગળથુથીમાંથી જ વૈજ્ઞાનીક અભીગમ કેળવે તે જરુરી છે. જુની પેઢીના લોકો વારંવાર ચમત્કારોથી છેતરાતા આવ્યા છે. ભવીષ્યમાં આ બાળકોને ચમત્કાર દ્વારા કોઈ છેતરી શકશે નહીં. એ બાળકો ગમે તેવા પછાત ઈલાકાના હશે તો પણ નારીયેળમાંથી ચુન્દડી નીકળતી જોઈને અંજાઈ જશે નહીં. એકમાંથી ડબલ કરી આપતા ગઠીયાઓ એમની સામે ફાવી શકશે નહીં. વીના અગ્નીએ આગ પેટાવતા ધુતારાઓના પણ આ બાળકો કાન આમળી શકશે!'

એ શીબીરમાં બીજા મીત્ર પણ મળી ગયા. તેમણે એક અનુભવ સમ્ભળાવ્યો : ‘એકવાર અમે અમરનાથ ગયા હતા. ત્યાં એક બહુ ઉંડી ગુફામાં નગ્ન બાવા સાથે મુલાકાત થઈ. બાવાએ થોડી મીનીટો માટે આંખો ખોલી કહ્યું : ‘બોલ બચ્ચા, ક્યા ખ્વાહીશ હૈ? કુછ ઈચ્છા હૈ તો બોલો!’ અમે કહ્યું : ‘કોઈ ઈચ્છા નહીં હૈ... હમ તો સીર્ફ દેખને આયે હૈં!’

‘દેખને હી આયે હો તો ફીર દેખો...’ કહી એમણે એક સાધનમાં પાણી ભર્યું અને પોતાનું લીંગ તેમાં બોળ્યું. થોડી જ વારમાં અન્દરનું બધું પાણી શોષાઈ ગયું. એ જોઈ આશ્ચર્ય તો થયું; પણ મન જરા જુદા વીચારે ચઢી ગયું. એ બાવાએ કંઈક એવી અપેક્ષા રાખી હશે કે એ ચમત્કારથી આશ્ચર્ય વીભોર થઈ હું એના ચરણોમાં આળોટી પડીશ; પણ તેમ કરવાને બદલે અમે બાબાને પ્રશ્ન પુછ્યો : ‘બાબા, એક બાત બતાઓ... કુદરતને પાની પીનેકે લીયે હમકો પહેલે સે હી મુહ દીયા હુઆ હૈ તો ઈસ તરહ લીંગસે પાની પીનેસે ક્યા ફાયદા?’

બાવો ગુસ્સે થઈ બોલી ઉઠ્યો : ‘મુર્ખ...! યે મેરી 25 સાલ કી સાધના કા ફલ હૈ ઔર તુમ્હે ઈસમેં કોઈ ફાયદા નજર નહીં આતા...?’ અમે કહ્યું : ‘બતાઓ તો સહી ક્યા ફાયદા હૈ...? મુંહસે પાની પીને કી બજાય આપ લીંગસે પાની પીતે હૈ... જ્યાદા સે જ્યાદા યે આશ્ચર્ય કી બાત હો સકતી હૈ, લેકીન ઈસસે આખીર ફાયદા ક્યા હૈ?’ અમે થોડી વધુ દલીલો કરી તો બાવાનો પ્રકોપ વધુ પ્રજ્વલીત થઈ ઉઠ્યો. અમારે ત્યાંથી ભાગી છુટવું પડ્યું.

એ મીત્રને સ્થાને અમે હોત તો બાવાને પ્રશ્ન કર્યો હોત : ‘વર્ષો સુધી પ્રેકટીશ કરો તો તમે હાથને બદલે પગથી ખાઈ શકો અથવા નાકથી પાણી પી શકો. સરકસના જૉકરની જેમ ડોલ ભરીને પાણી પીધા પછી તે બધું પાછું કાઢી પણ શકો; પરન્તુ તેમ થવાથી સરવાળે માણસજાતને ફાયદો શો થાય?

વીચાર આવે છે માણસ પચ્ચીસ સાલ સુધી એકાંતમાં સાધના કરે તો કંઈક એવી સીદ્ધી કેમ ન હાંસલ કરે કે તે હવામાં પક્ષીની જેમ ઉડી શકે. કોઈને સ્પર્શ

કરતાં જ તેનો અસાધ્ય રોગ મટી જાય... અરે! હાથ લગાડોને પથ્થર સોનુ થઈ જાય. એવું કંઈક થાય તો આ દેશનું દારીદ્રય ટળે. બાકી આવી અર્થહીન ઉપલબ્ધીઓ માટે પચ્ચીશ શું પાંચસો વર્ષ ગુમાવો તોય માણસ જાતનો કોઈ શુક્કરવાર વળતો નથી.

સૌ પ્રથમવાર અમે નારીયેળમાંથી ચુન્દડી, ફોટામાંથી ભસ્મ કે હાથમાંથી કંકુ કાઢતા લોકોની વાત સાંભળેલી ત્યારે તે પાછળની ટ્રીક અમે જાણતા નહોતો; પણ પહેલો પ્રશ્ન એ થયેલો : નારીયેળમાંથી ચુન્દડી કાઢવાથી શો દહાડો વળે? કાઢી શકો તો નારીયેળમાંથી ઘઉં, ચોખા ને જુવાર કાઢો... તો ભુખનું દુ:ખ દુર થઈ શકે. વીચાર આવે છે અગ્ની વીના આગ પેટાવતા લોકોથી પ્રભાવીત થઈ જવાને બદલે તેમને કોઈ એમ કેમ નથી પુછતું : દોસ્ત, પ્રાચીન યુગમાં આદી માનવો બે પથ્થરો કે બે લાકડા ઘસીને અગ્ની પેટાવી શકતા હતા. હવે આ એકવીશમી સદીમાં કરો તો કોઈ એવો કરીશ્મો કરો કે ફુંક મારો ને ગમે તેટલી મોટી આગની જ્વાળા હોલવાઈ

શકે. અથવા પેટ્રોલ વીના સ્કુટર દોડી શકે. અરે! બીજું કાંઈ નહીં તો અનાજ વીના પેટની આગ ઠારી શકાય એવી કોઈ જડીબુટી શોધો! એમ થઈ શકે તો ભુખથી ટળવળતા લાખો લોકોના આશીર્વાદ મળે! બાકી હાથમાંથી કંકુ કે ફોટામાંથી ભસ્મ કાઢવાથી ક્યાં કોઈનું ભલુ થઈ શક્યું છે? અમારા બચુભાઈ કહે છે : ‘એ ભસ્મ કે કંકુથી કેન્સર મટી જાય તો સૌથી પહેલો હું એ બાવાને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરું…!’

(બન્ધુ ત્રીપુટીમાંના એક જૈનમુનીએ કહેલું : ‘અમારા ધર્મમાં લોકો ચાલ ચાલ બહુ કરે છે; પણ ચાલવાથી જો મોક્ષ મળતો હોય તો આપણાં કરતાં બળદને પહેલાં મોક્ષ મળે!’)

સમજો તો સાવ સરળ વાત છે. માણસ ચમત્કારને નમસ્કાર કરે છે. આપણને સાચા ચમત્કારોમાં ક્યારેય રસ પડતો નથી. એકના ડબલ શું હજારો થઈ શકે છે. ખેતરના એક બીજમાંથી ઉગતા હજારો દાણાની જ વાત નથી, જીવનમાં સખત મહેનત કરીને માણસ એકમાંથી

લાખો બનાવી શકે છે. મહેનત કરો તો એવું કયું ક્ષેત્ર છે જ્યાં એકના ડબલ નથી થઈ શકતાં? નારીયેળમાંથી ચુન્દડી શું ચુન્દડી પહેરનારીય નીકળી શકે છે. જાણવું છે કેવી રીતે? અમને બરાબર યાદ છે થોડા વર્ષો પુર્વે ટીવીના કાર્યક્રમમાં કર્ણાટકના એક યુવાન કલાકારનો ઈન્ટરવ્યુ રજુ થયો હતો. નારીયેળની કાચલી અને રેસામાંથી એ ભાતભાતના રમકડાં અને જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓ બનાવતો હતો. એ માટે એને દેશ પરદેશના અસંખ્ય ઍવોર્ડ મળ્યા હતા. એ માણસ એમાંથી એટલું કમાયો કે એણે ઘર જ નહીં ઘરવાળીય વસાવી હતી. બોલો કાંઈ કહેવું છે...?

ચમત્કારો આજે પણ થાય છે!

6

# સાચો આસ્તીક કોણ...?

[અનુક્રમણીકા]

આસ્તીક નાસ્તીકની ચર્ચા નીકળે છે ત્યારે એક પ્રશ્ન ઉદ્‌ભવે છે– આપણે કોને આસ્તીક અને કોને નાસ્તીક ગણીએ છીએ? એ શબ્દોના પ્રચલીત અર્થ મુજબ આસ્તીક એટલે ઈશ્વરમાં માનનાર, અને નાસ્તીક એટલે ઈશ્વરમાં ન માનનાર; પરન્તુ એ શબ્દોનું આટલું સીમીત અર્થઘટન ન હોવું જોઈએ. મારા નમ્ર મતાનુસાર આસ્તીક તેને કહેવો જોઈએ જે આધ્યાત્મીક્તા કરતાં માનવતામાં વધુ માનતો હોય. જે મન્દીરના ઈશ્વર કરતાં સૃષ્ટીમાં વ્યાપેલ ઐશ્વર્યમાં વધુ શ્રદ્ધા ધરાવતો હોય. સમગ્ર સૃષ્ટીના કણકણમાં ઐશ્વર્ય વ્યાપેલું છે; પણ માણસની વીચીત્રતા એ છે કે તે પથ્થરની મુર્તી પર ફુલ ચઢાવે છે અને જીવતા માણસના માથા પર પથ્થર અફાળે છે. મોરારીબાપુ સહીત ઘણાં સંતો સ્વીકારે છે– ‘જનસેવા એ જ પ્રભુ સેવા!’ આ દશ અક્ષરો, દશ સેલની બૅટરી કરતાં વધુ શક્તીશાળી છે.

માણસે ધર્મના સદીઓ જુના આદર્શોનું પાલન કરતાં રહેવાને બદલે નવો (રીવાઈઝ) માનવ ધર્મ ઘડી કાઢવો જોઈએ. જેમાં હર હાલમાં માણસનું ભલું જ થાય. દાખલા તરીકે હીન્દુઓને ભુખ લાગે છે– તરસ લાગે છે અને મુસ્લીમોને પણ ભુખ અને તરસ લાગે છે. તો ભુખ્યાને રોટી આપવી અને તરસ્યાને પાણી પાવું એ ધર્મ બની રહેવો જોઈએ. દરદીનો જીવ જવા બેઠો હોય ત્યારે કોઈ પણ ધર્મ યા કોમના માણસને એક જ પ્રકારના દવા ઈંજેક્શનોથી બચાવી શકાય છે. તમે ક્યારેય હીન્દુઓના અલગ ઈંજેક્શનો અને મુસ્લીમોના અલગ ઈંજેક્શનો એવું જોયું છે? જીવન મરણ વચ્ચે ઝોલા ખાતાં દરદીને સારવાર આપતી વેળા ડૉક્ટર કદી એ વીચારતો નથી કે દરદી હીન્દુ છે કે મુસ્લીમ? હીન્દુને ત્યાં મૈયત ટાણે જે આઘાત લાગે છે તેવો જ આઘાત મુસ્લીમોના મૈયત ટાણે લાગે છે.

વારંવાર એક વાત અનુભવાય છે. દરેક માણસમાં એક સરખું લોહી વહે છે. દરેક માણસની વૃત્તીપ્રકૃતી સરખી છે. તેની કમજોરી કે સ્ખલનો સરખાં છે. તેની

પાયાની જરુરીયાતો અને દુઃખો પણ સરખા છે ત્યારે તેને જુદા જુદા ધર્મના ત્રાજવે તોળીને અલગ વ્યવસ્થાનું આયોજન કરવાને બદલે એક સમાન માનવધર્મનો ઉદય કેમ ન થવો જોઈએ? દુઃખ એક હોય... આઘાતો સરખા હોય... આંસુઓમાં પણ કોઈ ફરક ના હોય તો માણસો કેમ જુદાં હોવા જોઈએ?

સમાજમાં માનવતાવાદી પ્રવૃત્તી કરનારને જ સાચો આસ્તીક ગણવાનો સમય પાકી ગયો છે. બાઈબલમાં એક વાત કહેવામાં આવી છે. 'તે વ્યક્તી પરમ સુખી છે જેનામાં સદ્‌બુદ્ધી અને વીવેક છે!' એમ નથી કહેવાયું કે જેનામાં ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા છે. ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા તો ગુંડાઓનેય હોય શકે. બહારવટીયાઓ ધાડ પાડવા નીકળે તે પહેલાં બ્રાહ્મણ પાસે ભગવાનની પુજા કરાવતાં એવું કોક ફીલ્મમાં જોવામાં આવ્યું છે.

તાત્પર્ય એટલું જ કે સમગ્ર માનવજાતની સુખશાંતી માટે જેને હૈયે હીત વસેલું હોય, સારા નરસાની જેને વીવેકબુદ્ધી હોય અને જે ન્યાત–જાત, ઉંચ–નીચ, કે

મન્દીર–મસ્જીદના ઝઘડાથી પર બની કેવળ માનવધર્મને અનુસરતો હોય એવાં માણસને સાચો આસ્તીક ગણી શકાય. એ પ્રકારના માણસોથી જ દુનીયાનું ભલુ થઈ શકે. ભલે તે પુજા પાઠ ન કરતો હોય, મન્દીરમાં ન જતો હોય, ધાર્મીક કર્મકાંડો માટે દાન ન આપતો હોય. દુર્ભાગ્યે આપણે ત્યાં એવી વ્યક્તીને નાસ્તીક કહી ધુત્કારી કાઢવામાં આવે છે. અને ગુંડા, સ્મગલરો, ભ્રષ્ટાચારીઓ અગર ટીલાં ટપકાં કરે કે હજારોનું ધાર્મીક દાન કરે તો તેને પરમ ધર્માત્મા ગણી લેવામાં આવે છે. મને સ્મરણ છે 1994માં અશ્વમેધ યજ્ઞ થવાનો હતો. તેનો ફાળો લેવા મારે ત્યાં બે બહેનો આવી હતી. મેં તેમને ફાળો આપવાને બદલે એ યજ્ઞનો નમ્રતાપુર્વક વીરોધ કર્યો હતો. એ બહેન મારા મોઢા પર મને નાસ્તીક કહીને ચાલી ગઈ હતી. કલ્પના કરો, હું નીવડેલો ભ્રષ્ટાચારી કે સ્મગલર હોત; પણ મેં અશ્વમેધ યજ્ઞ માટે ચાર પાંચ હજાર રુપીયાનો ફાળો આપ્યો હોત તો પેલી બહેનોની નજરમાં હું બહુ મોટો ધર્માત્મા ગણાયો હોત.

એક અન્ય મુદ્દો વીચારણીય છે. આપણે ત્યાં આસ્તીક નાસ્તીક બન્ને વચ્ચે તીવ્ર મતભેદો રહેતા આવ્યા છે. આસ્તીકો નાસ્તીકોને ધીક્કારે છે. અને નાસ્તીકો ધર્મના નામે ચાલતા કર્મકાંડોને ઝનુનપુર્વક વખોડી કાઢે છે. બન્ને પક્ષે કટ્ટરતાવાદી વલણ જોવા મળે છે. એવા અન્તીમવાદ કે ઉગ્રવાદથી કોઈને ફાયદો નથી. આવા વૈચારીક ઝનુનને બદલે શાંતીથી દરેકે પોતાની વાતનું વાજબીપણું સમજાવવા પ્રયત્ન કરવો જોઈએ. દેશભરના બધાં જ ધર્મોને બાળી નાખો, કાપી નાખો એવી વાતો કરીને આસ્તીકોની લાગણી દુભાવવાને બદલે નાસ્તીકોએ ધર્મમાં ઘુસેલી પાર વીનાની અન્ધશ્રદ્ધા, વહેમો, દુષણો, વીકૃતીઓ, આડમ્બરો અને ધર્મના વ્યાપારીકરણનો જ વીરોધ કરવો જોઈએ.

વારંવાર સીદ્ધ થયું છે કે ધર્મને નામે થતાં કર્મકાંડોનો કોઈ અર્થ નથી. કરોડો રુપીયાના ખર્ચે અગાઉ અશ્વમેધ યજ્ઞ કરવામાં આવ્યો હતો. દેશના કોઈને કોઈ ખુણે ‘વીશ્વશાંતી યજ્ઞો’ તો હમ્મેશાં થતાં રહે છે. એ

યજ્ઞોથી આ દેશની એકાદ સમ ખાવા જેટલી સમસ્યા પણ હલ થઈ શકી નથી. થોડા સમય બાદ ફરીથી રાજકોટમાં એ પ્રકારના બીજા યજ્ઞમાં પૈસા અને ચીજવસ્તુઓનો ધુમાડો કરવાનું આયોજન થયું હતું. ધર્મના નામે આ બધું થતું હોય અને યજ્ઞની કહેવાતી શ્રેયકરતાનો અન્ધશ્રદ્ધાયુક્ત પ્રચાર થતો હોય તો એ બધાનો વીરોધ અવશ્ય થવો જોઈએ; પણ એમાં ઉગ્રતા કે પુર્વગ્રહયુક્ત ડંખ ન હોવો જોઈએ. વીરોધ વ્યક્તીલક્ષી નહીં, વસ્તુલક્ષી હોવો ઘટે.

7

# માણસે આસ્તીક હોવું જોઈએ કે નાસ્તીક?

અનુક્રમણીકા

ઈન્સાન તરીકે કોણ વધુ ઉત્તમ– આસ્તીકો કે નાસ્તીકો? એ મુદ્દા પર વીદ્વાનોમાં વીવાદ થાય છે ત્યારે એક મહત્વની વાત વીચારવાનુ ચુકી જવાય છે અને તે, માણસની સજ્જન વ્યક્તી તરીકેની સાત્ત્વીક્તા! મને કોઈનું ય કેવળ આસ્તીક યા નાસ્તીક હોવું પર્યાપ્ત જણાતું નથી. ઈશ્વરમાં માનવું ન માનવું એ માણસની અન્તરંગ વૈચારીક્તા છે. ખરું મહત્ત્વ માનવતાનું છે. માનવતામાં ન માનતો માણસ અનેક આપત્તીઓ સર્જી શકે છે. માનવતાના કોમન સીવીલ કૉડ વીના જગતમાં સુખશાંતી સ્થપાય એ શક્ય નથી. વધુ સાચી વાત એ છે કે આસ્તીક્તા કે નાસ્તીક્તા કરતાં માનવતા મહાન છે. પુજાપાઠ કે દેવદર્શન ન કરતા માણસને પણ આસ્તીક ગણી શકાય. અને રાતદીવસ રામનામ રટતો માણસ ઈશ્વરથી જોજનો દુર હોય એમ બનવા સમ્ભવ છે.

શ્રદ્ધાળુઓ હમ્મેશાં ખરાબ અને નાસ્તીકો સારા એવું પણ હોતું નથી. શ્રદ્ધાળુઓ બુદ્ધી કરતાં શ્રદ્ધાથી વધુ વીચારતા હોય છે. એ કારણે ક્યારેક તેમની સાચી જુઠી માન્યતા અન્ય પર ઠોકી બેસાડતા જોવા મળે છે. હું એક એવા શ્રદ્ધાળુને ઓળખું છું જેણે મારી હાજરીમાં એના પન્દર વર્ષના પુત્રને એક તમાચો ઠોકી દીધો હતો. ગુનો એટલો જ કે શાળામાંથી આપવામાં આવેલા વધુ પડતા હોમવર્કને કારણે એ બાળક પીતાની સુચના મુજબ રોજના 100 રામનામ, મન્ત્રબુકમાં લખી શક્યો નહોતો! (અહીં કોઈ નાસ્તીક પીતા હોત તો તેણે રામનામનાં મન્ત્રો બુકમાં લખવાની અનુત્પાદક પ્રવૃત્તી પુત્ર પર ના ઠોકી બેસાડી હોત!)

એનો અર્થ એવો નથી કે સઘળા નાસ્તીકો હમ્મેશાં અણીશુદ્ધ, માનવતાવાદી જીવન જીવે છે! તેઓ વળી બીજી કોઈ રીતે વાંધાજનક વર્તતા હોય છે. વસ્તુતઃ આસ્તીકો કે નાસ્તીકોનો કોઈ અલગ સમાજ હોતો નથી. તેઓ બધાં લાખો કરોડોની સંખ્યામાં આપણી આસપાસ જ જીવે છે.

માણસ માત્ર સેંકડો કમજોરીઓથી ભરેલો છે. એથી એમ કહેવું સત્યની વધુ નજીકનું ગણાશે કે આસ્તીકો અને નાસ્તીકો સારા કે ખરાબ હોતા નથી. માણસો સારા અને ખરાબ હોય છે. ક્યારેક તેઓ આસ્તીક હોય છે ક્યારેક નાસ્તીક!

એક વાત સમજાય છે. કોઈ માણસ આસ્તીક કે નાસ્તીક હોય તે કરતાં માણસ તરીકે તે કેટલો સારો કે ખરાબ છે તેનું મહત્વ વીશેષ છે. આપણે વારંવાર અનુભવીએ છીએ કે માણસ આસ્તીક હોવા પછીય ગુંડો હોય શકે છે. અને નાસ્તીક માણસ ક્યારેક એટલો ભલો હોય છે કે એને 'ભગવાનના માણસ'નું બીરુદ મળી જાય છે. મુળ વાત એટલી જ, આસ્તીક્તા કે નાસ્તીક્તા વ્યક્તીની સજ્જનતા કે દુર્જનતાનું સાચું બેરોમીટર હોતું નથી. એનુ માપ વ્યક્તી વ્યક્તીએ જુદું નીકળતું હોય છે.

એક નાસ્તીક મુલતાની ગ્રાહકોના ગાદલામાં સસ્તા ભાવનો રુ નાખી તેને છેતરી શકે છે. કોઈ નાસ્તીક સોની બેઈમાન હોય શકે છે. જરુરી નથી કે ભગવાનમાં ન

માનતો ક્લાર્ક લાંચ લેવામાં પણ ન માનતો હોય! કોઈ નાસ્તીક ડૉક્ટર દરદીને માથે બીનજરુરી ટેસ્ટ ઠોકી બેસાડતો હોય એમ બની શકે છે. ધર્મમાં નહીં વીજ્ઞાનમાં જ શ્રદ્ધા ધરાવતો નાસ્તીક વેપારી ભયંકર નફાખોર કે કાળાબજારીયો હોય શકે છે. સેંકડો નાસ્તીક વકીલો બીઝનેસ એથીક્સને બહાને પોતાના ખુની અસીલને બચાવી લેવા માટે સામેના નીર્દોષ માણસના ગળામાં ફાંસીનો ગાળીયો નાખવાની કોશીષ નથી કરતાં શુ? એક નાસ્તીક સરકારી કર્મચારી પોતાની પ્રાઈવેટ દુકાન પર પોતાના ગ્રાહકોને સ્મીત સાથે સુંદર સેવા આપે છે તેટલી સારી સેવા સરકારી ઑફીસમાં નથી આપતો. એક નાસ્તીક શીક્ષક પોતાના પ્રાઈવેટ ટ્યુશનોમાં જેટલો પરસેવો પાડે છે તેટલો સ્કુલમાં નથી પાડતો. પોલીસનો ડ્રેસ પહેર્યા પછી માણસ હપ્તાને જ ભગવાન માનતો હોય તો તે ભગવાનમાં માને ન માને શો ફેર પડે છે?

મુર્તીપુજા સહીતના કર્મકાંડોનો કોઈ ફાયદો નથી એટલું બૌદ્ધીક રીતે સ્વીકાર્યા પછી એક મહત્ત્વના પ્રશ્ન પર

વીચારવાનું બાકી રહે છે. શું દેશની પ્રજા મુર્તી પુજવાનું છોડી દેશે તેથી તેમની નબળાઈઓ રાતોરાત દુર થઈ જશે? આપણી પ્રગતી આડે મુર્તીપુજા જ એકમાત્ર અવરોધ છે? હું તો કહીશ, બુદ્ધી વીહોણા માણસો મુર્તી પુજે તોય શું અને ન પુજે તોય શું? એક વાત સમજી લેવા જેવી છે. રાતદહાડો મુર્તી પુજતા રહો તે પછીય માણસનું કલ્યાણ તો જીવનને વીવેકબુદ્ધીપુર્વક જીવવામાં જ રહેલું છે. જેનામાં વીવેકબુદ્ધીનો અભાવ હશે એવી વ્યક્તી મુર્તીપુજા છોડી દેશે તોય તેના જીવનનો ઉત્કર્ષ થઈ શકશે નહીં. મનના સન્તોષ ખાતર તે ભલે મુર્તી પુજા કરતો રહેશે; પરન્તુ બુદ્ધીદારીદ્રયના નુકસાનથી તે બચી શકશે નહીં. એથી– ‘મુર્તીપુજા છોડી દો... કે ધર્મને દફનાવી દો’ એવો પ્રચાર કરવાને બદલે વીવેકબુદ્ધીના મહાત્મ્યનો પ્રચાર થવો જોઈએ.

માણસ ભગવાનમાં ન માનતો હોય અને વાંકડો લેવામાં માનતો હોય..., અથવા સાદાઈથી જ લગ્ન કરવામાં માનતો માણસ વાંકડા માટે વહુને સળગાવી

દેવામાં માનતો હોય તો એનો સુધારાવાદ કેવળ એક દમ્ભ બની રહે છે. ભગત–ભુવા, બાધા–આખડી, ભુત–પ્રેત કે શુકન–અપશુકન જેવા વહેમોમાં ન માનતો માણસ બેઈમાનીની એકે તક ના છોડતો હોય અને કરચોરી, નફાખોરી, કે શોષણખોરી જેવાં બધાં જ ભ્રષ્ટાચાર આચરતો હોય તો તેનો નાસ્તીકવાદ આ જગતને જરીકે ઉપયોગી ખરો? યાદ રહે આસ્તીક્તા અને નાસ્તીક્તા વ્યક્તીની કેવળ વૈચારીક્તા છે. આ દુનીયાને માણસના વીચારથી નહીં તેના સારા આચારથી ફાયદો થઈ શકે છે.

તાત્પર્ય એટલું જ, વહેમ–અન્ધશ્રદ્ધા કે ઈશ્વર જેવી બાબતોમાં ન માનવું પર્યાપ્ત નથી. નાસ્તીક માણસ ઓસામા–બીન–લાદેન ન હોવો જોઈએ! અને દેવી–દેવતામાં માનતો માણસ દાઉદ ઈબ્રાહીમ ન હોવો જોઈએ. બે વાતો વીચારવા જેવી છે. ટીલાં–ટપકાં, હોમ–હવન, પુજા–પાઠ, કે દેવદર્શન જેવા બાહ્યાચારો પરથી જ વ્યક્તીની આસ્તીક્તાનું મુલ્યાંકન ન થવું જોઈએ. આસ્તીક નાસ્તીક શબ્દોને ઈશ્વરમાં માનવા ન માનવા જેવા

મર્યાદીત અર્થઘટનમાંથી મુક્ત કરી તેને દુષ્ટતા કે માનવતાના પરીપ્રેક્ષ્યમાં મુલવવા જોઈએ.

અમારા બચુભાઈ કહે છે– ‘જેની જામગરી ઑલરેડી સળગી ચુકી છે તેવા ઍટમબોમ્બ પર બેઠેલી માખી જેવી આપણા સૌની દશા છે. માણસ ભલે મન્દીરે ન જતો હોય પણ એ જામગરી હોલવવાની માનવતા દાખવે તે આસ્તીક અને એ પર જે પેટ્રોલ છાંટવાની કોશીષ કરે તે નાસ્તીક! દુનીયા બહુ ભુંડી રીતે બગડી ચુકી છે. યજ્ઞકારોના દાવાનુસાર સાચે જ તેને યજ્ઞોથી સુધારી શકાતી હોય તો યજ્ઞકારોના ચરણો ધોઈ પીવાય અમે તૈયાર છીએ...; પણ એવું કોઈ શુભ યજ્ઞશ્રેય ન નીપજે ત્યાં સુધી અમને લાધેલા એક સત્યનો પ્રચાર કરતાં રહીશું– અને તે એ કે સૃષ્ટીમાં સર્વત્ર સુખશાંતી સ્થપાય તે માટે ઈશ્વરના હોવા ન હોવા કરતાં માણસમાં માણસાઈનું હોવું બહું જરુરી છે!’

.•♦•.

8

# સમ્ભોગથી સમજદારી તરફ…!

અનુક્રમણીકા

વર્ષો પુર્વે એક મેગેઝીનમાં વાર્તા વાંચી હતી. એક ગુરુએ કોઈ અપરીણીત યુવાન પાસે એક વીચીત્ર પ્રતીજ્ઞા લેવડાવી. યુવક લગ્ન કરે ત્યારે તેણે મહીનાના પ્રથમ પખવાડીયામાં એટલે કે સુદમાં સ્ત્રીસંગથી દુર રહેવું. ગુરુ માનતા હતા કે જગત મીથ્યા છે અને તેના સર્વ સુખવૈભવ પોકળ છે. બ્રહ્મ સત્ય છે અને મોક્ષ માણસની મંઝીલ છે. બ્રહ્મચર્યનું પાલન કરવાથી મોક્ષપ્રાપ્તી સરળ બને છે. એથી માણસે ચુસ્તપણે બ્રહ્મચર્ય પાળવું જોઈએ.

એ યુવકના લગ્ન થયા. પ્રથમ રાત્રીએ એણે પત્ની સમક્ષ પ્રતીજ્ઞાની વાત કહી. યુવતી અવાક્ થઈ ગઈ. યોગાનુયોગ એ જ ગુરુએ યુવતી પાસે પણ પતીસંગથી દુર રહેવાની પ્રતીજ્ઞા લેવડાવી હતી; પણ એ સમયગાળો વદનો હતો. સ્થીતી એવી ઉદ્ભવી હતી કે બન્ને જણે આજીવન બ્રહ્મચર્યનું પાલન કરવું પડે એમ હતું. પરણ્યા છતાં કુંવારા

જેવી સ્થીતી ઉદ્ભવતા બન્ને મુંઝાઈ ગયા હતા. અમને વાર્તામાં ઉદ્ભવતું એ વીચીત્ર ધર્મસંકટ યાદ રહી ગયું હતું. અન્તમાં શું થયેલું તેનું સ્મરણ નથી; પણ આવી જીવનવીરોધી તત્ત્વોવાળી ઘણી વાર્તાઓ એ ધાર્મીક મેગેઝીનમાં પ્રગટતી. વાર્તાનો અન્ત યાદ નથી; પણ કલ્પી શકાય કે પતી–પત્નીએ પ્રતીજ્ઞા મુજબ આજીવન બ્રહ્મચર્યનું પાલન કરવાનું નક્કી કર્યું હોય અને પેલા ગુરુદેવે રાજી થતાં કહ્યું હોય : ‘યે તો અનજાનેમેં પ્રભુકી બહોત બડી કૃપા હો ગઈ... તુમ બહોત ભાગ્યશાલી હો બચ્ચા... તુમ દોનો કો અવશ્ય મોક્ષ મીલેગા...!’

એક વાત સૌએ વીચારવી રહી. ગુરુ કરવાનો અર્થ શું એવો થાય કે વીવેકબુદ્ધીને નેવે મુકી દઈ ગુરુઆજ્ઞાનું આંધળુ અનુસરણ કરવું? આપણા બહુધા ધર્મગુરુઓએ તેમના વૈચારીક ગોબરથી સમાજને ગંદો બનાવ્યો છે. લોકોને ઈહલોકની ફરજો ભુલી પરલોકના કાલ્પનીક સુખો માટે પ્રભુપ્રાપ્તીને રવાડે ચઢાવ્યાં છે. આ મૃત્યુલોકમાં ધર્મગુરુઓએ એવી અફવા ફેલાવી છે કે બ્રહ્મચર્યનું પાલન

કરવાથી કે સંસારના સુખો ઠુકરાવવાથી મોક્ષ મળે છે. બચુભાઈ કહે છે : ‘માણસ જીવતા જીવત જીવનના સુખવૈભવ ઠુકરાવીને મર્યા પછીના કાલ્પનીક મોક્ષનો મોહ રાખે એ એવી વાત થઈ કહેવાય માનો મારી સામે બદામ પીસ્તાવાળી બાસુંદીનો કટોરો મુકવામાં આવ્યો હોય અને કોઈ ધર્મગુરુ મને એમ કહે : ‘આ બાસુંદી તારી છે પણ તે ખાવાને બદલે તું ભુખ્યો રહીશ તો સ્વર્ગમાં તને આનાથી ય વધુ સારી બાસુંદી મળશે!’

સાચી વાત એટલી જ કે ‘બ્રહ્મ સત્ય જગત મીથ્યા’વાળી થીયરી જ ખોટી છે. સ્વર્ગની બાસુંદી કોણે ચાખી છે? ભગવાન કે મોક્ષ વીના આપણે શું કાચુ ખાઈએ છીએ? ઈશ્વર વીના આપણા કયા કામો અટકી પડ્યા છે?’ ફીલ્મ ‘હીરરાંઝા’ના એક ગીતમાં કવીએ બચુભાઈની આ જ વાત સરસ રીતે કહી છે :

‘ઉનકો ખુદા મીલે, હૈ ખુદા કી જીન્હેં તલાશ…
મુઝકો તો બસ એક ઝલક મેરે દીલદાર કી મીલે…!’

સત્ય એ છે કે બ્રહ્મ અને બ્રહ્મચર્ય વીશે માનવીના ચીત્તમાં ઘણા ખોટા ખ્યાલો પ્રવર્તે છે. સૌ પ્રથમ તો એ માન્યતા જ અવૈજ્ઞાનીક છે કે બ્રહ્મચર્ય પાળવાથી માણસની શક્તી, તેજ વગેરેમાં વધારો થાય છે. સૅક્સોલોજીસ્ટ ડૉ. પ્રકાશ કોઠારી કહે છે કે, ‘બાળપણથી દીક્ષા લઈને હીમાલય પર ચાલ્યા ગયેલા સાધુઓ બ્રહ્મચર્યને કારણે બસો ત્રણસો વર્ષ જીવી શકતાં હોય એવું બનતું નથી. તેમને પણ હૃદયરોગ, ડાયાબીટીશ, પ્રેસર જેવાં તમામ રોગો થાય છે. બલકે જાતીય વૃત્તીનું દમન કરીને તેઓ અકુદરતી જીવન જીવતાં હોવાને કારણે તેઓ શારીરીક રીતે સંસારી માણસો કરતાં અનેક ગણા દુ:ખી હોય છે. હજી સુધી કોઈ સંસ્થાએ હીમાલયના સાધુઓનો સર્વે કરીને એવું તારણ રજુ કર્યું નથી કે બ્રહ્મચર્યને કારણે એ સાધુઓ શારીરીક અને માનસીક રીતે સંસારી મનુષ્યો કરતાં ઘણા સુખી અને તન્દુરસ્ત હોય છે!’

સ્વામી શ્રી. સચ્ચીદાનન્દજીએ તેમના કોઈ પુસ્તકમાં લખ્યું છે : ‘સાધુ સંન્યાસીઓ કરતાં ક્યારેક

સંસારીઓના ચહેરા પર વધુ તેજ દેખાય છે. કેમકે સંસારીઓ ઈહલોકના સઘળા સુખો ભોગવી તૃપ્ત રહે છે. સાધુ સન્યાસીઓની જેમ તેમણે મનની ઈચ્છાઓને મારીને જીવવું પડતું નથી!' સાચી વાત છે. બળજબરીથી બ્રહ્મચર્ય પાળતા બાવાઓ તક મળતાં સંસારીઓની બહેન દીકરીઓની ઈજ્જત પર હાથ નાખતાંય અચકાતા નથી. આશારામબાપુ અને નારાયણસાંઈનું ઉદાહરણ મૌજુદ છે. જાતીયતા એ પાપ નથી કુદરતી પ્રકીયા છે. માણસને બાળપણમાં દુધની જરુર પડે છે. યુવાનીમાં પ્રેમની જરુર પડે છે. સેક્સ પણ તેવી જ એક વયલક્ષી જરુરીયાત છે. એને ધર્મગુરુઓએ અવળે રસ્તે ફંટાવી ખોટો હાઉ ઉભો કર્યો છે. હીમાલયનો બાવો બ્રહ્મચર્ય પાળતો હોવા છતાં પન્દર મણ વજનની ગુણ માથે ઉંચકી શકતો નથી. ચારસો વર્ષ સુધી જીવી શકતો નથી. તે ઝેર પી જાય તોય ન મરે એવું બનતું નથી. તેને પણ ઘડપણ આવે છે. દાંત પડી જાય છે. આંખે મોતીયો આવે છે. સંસારીઓ જેવી તમામ વયસ્ક બીમારીઓનો તેણે પણ સામનો કરવો પડે છે.

એકવાર એક જૈન દમ્પતીને દીક્ષા ગ્રહણ કર્યા બાદ સંસાર સુખની એષ્ણા જાગતાં તેમણે પુનઃ સંસાર પ્રવેશ કર્યો હતો. જૈન સમાજમાં એ ઘટનાથી ભારે ખળભળાટ મચી ગયો હતો. દમ્પતી બદનામ થઈ ગયું હતું. મનુષ્ય અવતાર ધારણ કર્યા પછી સંસાર ત્યાગીને જીવન પુરું કરવાની વાત વહેણની વીરુદ્ધ દીશામાં તરીને સામે કાંઠે પહોંચવા જેવી જીદ ગણાય. આપણા ઘણા પ્રાચીન ઋષીમુનીઓ પરણેલા હતા. ખુદ રામ અને કૃષ્ણ પણ પરીણીત હતા. જરા આગળ વીચારીએ તો પ્રશ્ન થાય છે એ તે કેવી વીચીત્રતા કે ભગવાનને પામવા નીકળેલો માણસ કુદરતે આપેલી જાતીયતાને ઓળખી જ શકતો નથી. કોઈ સ્ત્રી માતા બનવા તત્પર હોય પણ ગર્ભાશય કઢાવી નાખવાની ભુલ કરે તો માતા બની શકે ખરી?

પ્રભુતા માણસના રુંવે રુંવે વ્યાપેલી છે. ‘સમ્ભોગથી સમાધી તરફ’ નામના પુસ્તકમાં શ્રી. ઓશો રજનીશજીએ પ્રભુતાનો સુંદર પરીચય કરાવ્યો છે. સ્ત્રી પુરુષના સહપોઢણના ક્લાઈમેક્સનું સુખ લાખોના ખર્ચે બનાવેલા

યન્ત્રમાનવ– ‘રોબોટ’ને મળી શકતું નથી. ઉંડાણથી વીચારો તો સ્ત્રી પુરુષના સહપોઢણમાં પુરા કદની પ્રભુતા સમાયેલી છે. સોળ વર્ષની સોડષીના દીલમાં વીસ વર્ષના નવજુવાનને જોઈને જે સ્નેહસ્પન્દનોના અવર્ણનીય હીલ્લોળ જાગે છે તે કુદરતની અદ્રશ્ય દરમીયાનગીરી વીના શક્ય બને ખરું?

ઈશ્વરે પોતાના અસ્તીત્વની સાબીતી માનવીના અંગેઅંગમાં આપી છે. કબીરે અમસ્થુ નથી કહ્યું :

‘કસ્તુરી મૃગમેં બસે, મૃગ ઢુંઢે બનમાંહી...
વૈસે ઘટઘટ રામ બીરાજે, દુનીયા દેખે નાંહી!’

માણસ ઈશ્વર પ્રાપ્તીના અસલી ઈલાકાઓ છોડી ભળતી જગ્યાએ ભગવાનને ફંફોસતો રહે છે. ભગવાન ક્યાં હશે તે આપણે નથી જાણતાં પણ એટલું નક્કી કે જાતીયતાનો ત્યાગ કરવાથી તે મળી જાય છે એ વાત ખોટી.

સુપ્રસીદ્ધ સેક્સોલોજીસ્ટ ડૉ. હેવલોક એલીસે કહ્યું છે : ‘ઉપવાસ એ સ્વયંમ્ ઈચ્છીત સ્થીતી છે. જ્યારે ભુખમરો એ લાચારી છે. પરીણીતોનું બ્રહ્મચર્ય ઉપવાસ સમુ પવીત્ર હોય શકે. વાંઢાના બ્રહ્મચર્યને ભુખમરો કહી શકાય. બગાસું ખાવું એ પાપ નથી. છીંક ખાવી એ ગુનો નથી. હેડકી આવવી એ કલંક નથી. તેમ કુદરતે બક્ષેલી જાતીયતાને અનુસરવામાં કોઈ પાપ નથી. છતાં કોઈ વાજબી કારણોસર તબીબી સલાહ અનુસાર એ વૃત્તી પર સંયમ રાખવા ઈચ્છો તો તે ખોટું નથી; પણ કારણ વીના જાતીય આવેગોનું બળજબરીથી દમન કરવામાં આવશે તો તે નુકસાનકારક સીદ્ધ થશે. તમે છીંક રોકવાની કોશીષ કરી જોજો...!’

9

## આપણા જાહેર માર્ગો પર ધર્મનું આક્રમણ!

અનુક્રમણીકા

એક વૃદ્ધ અમેરીકા ગયા. જતી વખતે અહીંના એક મોટા દેવમન્દીરનો પ્રસાદ સાથે લેતા ગયા. ત્યાં એમના પૌત્રની પરીક્ષા ચાલતી હતી. વૃદ્ધે પૌત્રને એ પ્રસાદ એમ કહીને ખવડાવ્યો– ‘આ પ્રસાદ ખાવાથી તારો ફર્સ્ટ ક્લાસ આવશે!’ પ્રસાદ ઘણા દીવસનો વાસી હતો તેથી કે પછી કોઈ અન્ય કારણ હશે; પણ પરીક્ષાનો પ્રારમ્ભ થયો અને પૌત્રના પેટમાં ગરબડ શરુ થઈ. દસ દસ મીનીટે વોમીટ થવા લાગી. પેપર અડધેથી છોડી હૉસ્પીટલમાં દાખલ થવું પડ્યું. સૌના જીવ ઉંચા થઈ ગયા. દીકરાના પરીવારે જે મનોયાતના ભોગવવી પડી તેનો હીસાબ ના ગણીએ; પણ દીકરાની આખા વર્ષની મહેનત છુટી પડી તે માટે કોણ જવાબદાર? ડૉક્ટરે ફુડ પોઈઝનની વાત કરી ત્યારે દાદાજી ઉકળી ઉઠ્યા. કહે : ‘તમારી શ્રદ્ધા ઓછી એથી આવી વાત કરો છો, બાકી ભગવાનના નામે ઝેર ખવાઈ

જાય તોય ભગવાન બચાવી લે છે. મીરાબાઈ ઝેરનો આખો કટોરો નહોતા પી ગયા..? વાત સમજો..., પ્રસાદનું તો બહાનુ છે... બાકી ગયા અઠવાડીયે મુન્નાને શનીની સાડાસાતી પનોતી બેઠી તેની આ બધી મોકાણ છે...!’ આ વૃદ્ધ આપણી અન્ધશ્રદ્ધાનું સીનેમાસ્કોપ પ્રતીક છે.

દોસ્તો, બહુ જુની વાત યાદ કરાવું છું. વડોદરામાં માનવજાતની સુખશાંતી અર્થે નવેમ્બર–‘93માં ‘અશ્વમેધ’ યજ્ઞ થયો હતો. પરન્તુ તે પછી પૃથ્વીના પ્રદુષણમાં એક મીલીગ્રામનોય ફેર પડ્યો નથી. માણસની નફરતમાં નવટાંકનો ઘટાડો થયો નથી. રાજકારણીઓમાં રાયના દાણા જેટલીય માનવતા આવી નથી. ખુન, બળાત્કાર, ચોરી, લુંટ, ધાડ, હીંસા, બેરોજગારી, ભુખમરો, ગરીબી જેવી સળગતી સમસ્યાઓમાં રતીભાર ઘટાડો થયો નથી. બીજા કોઈને ભલે કોઈ પ્રશ્ન ન થાય પણ અહીં યજ્ઞકર્તાઓને તો ખાસ પ્રશ્ન થવો જોઈએ કે– ‘અશ્વમેધ’ યજ્ઞ કેમ ફ્લૉપ ગયો?

અન્ધશ્રદ્ધા અને અબૌદ્ધીક્તા એ પ્રજાની બે મુખ્ય નબળાઈઓ છે. કર્ણાટકમાં એક સ્ત્રીને બાળકો ન થતાં હોવાથી એક તાંત્રીકના માર્ગદર્શન હેઠળ દેવીમાને પાડોશીના જીવતા બાળકનું મસ્તક અર્પણ કરવાની ઘટના બનેલી. આપણા મહાન ભારતમાં સ્ત્રીને ડાકણ સમજી મારી નાખવાના બનાવોની હવે કોઈ નવાઈ રહી નથી. બીહારના કોઈ ગામમાં એક વીધવાને ગામલોકોએ ડાકણ માની જીવતી સળગાવી દીધી હતી. એ અંગેના ટીવી કાર્યક્રમમાં ખુદ મરનાર સ્ત્રીના ભાઈને એમ કહેતો બતાવવામાં આવ્યો હતો– 'હા, એ ઓરત ડાકણ હતી... અને તેને મારી નાખવામાં ન આવી હોત તો ગામના ઘણા માણસોને તે ભરખી ગઈ હોત...!' એક પણ માણસ એવું વીચારવા ના રોકાયો કે જે બીજાને ભરખી જવાની શક્તી ધરાવતી હોય તેને સહેલાયથી મારી શકાય ખરી?

અન્ધશ્રદ્ધામાં બુદ્ધીની સાથોસાથ દયાની પણ ગેરહાજરી હોય છે. તે માણસના ગમે તેટલા મોટા નુકસાનનો વીચાર કરતી નથી. અબૌદ્ધીક્તા એવી અધમ

હોય છે કે ભર સભામાં માંકડની જેમ માણસની ઈજ્જતનું અબોટીયું ઉતારી દે છે. શારજા કપ વખતે એક જુવાનીયાએ એવી શરત લગાવી કે જો ભારત જીતી જાય તો પોતે જાહેર માર્ગ પર નગ્ન થઈને પાંચ મીનીટ ઉભો રહેશે. (ભારતીય ખેલાડીઓની નબળાઈમાં અતુટ શ્રદ્ધા હોય તો જ આવી શરત લગાવી શકાય!) ધન્ય છે આપણી હીન્દુસ્તાની ક્રીકેટ ટીમને જેમણે આ યુવાનની ઈજ્જતનું જાહેરમાં લીલામ થતું અટકાવ્યું. એ યુવાન બી. કોમ. ફર્સ્ટ ક્લાસ છે. એ જાણ્યા પછી અમારા બચુભાઈ બોલ્યા– ‘માનવ અવતારના ઉજળા અબોટીયા પર અબૌદ્ધીક્તાનો એવો ગેરેન્ટેડ ડાઘ હોય છે કે એને શીક્ષણ નામની ‘એરીયલ’ની ગોટી દુર કરી શકતી નથી!’

પ્રજાના થોડા અન્ય હઠીલા ડાઘની વાત કરીએ. નવસારીમાં દર શીતળા સાતમના દીને દુધીયા તળાવના પેટ્રોલ પમ્પ પાસે જાહેર રોડ પર શીતળા માતાની સ્થાપના કરવામાં આવે છે. એમ થવાથી બે રીતે મુશ્કેલી ઉભી થાય છે. એક તો એમાં બહુ મોટું સ્ત્રીવૃન્દ જાહેર માર્ગ પર પુજા

માટે ટોળે વળે છે. એથી ટ્રાફીક માટે ખાસ્સો અવરોધ ઉભો થાય છે. અને બીજું એમાં દરેક સ્ત્રી દુધનો અભીષેક કરતી હોઈ જાહેર માર્ગ પર દુધના રેલાથી ગન્દકી થાય છે. એકવાર શીતળા સાતમને દીવસે એક રીક્ષાચાલકે એક વીદ્યાર્થીને અડફેટમાં લેતા તેનું મૃત્યુ થયુ હતું. ત્યાં મોટું ટોળું જમા થઈ ગયું હતું. લોકોએ રીક્ષાચાલકને માર્યો પણ એ ટોળામાંથી એકાદ વ્યક્તીને પણ એવો પ્રશ્ન થયો નહોતો કે જાહેર માર્ગો પર થતી આવી પુજાવીધીને કારણે ટ્રાફીક અવરોધાય છે અને એને કારણે આવા અકસ્માતો થાય છે. ધાર્મીકોને પુછવાનું મન થાય છે– પ્રત્યેક ગણેશોત્સવ યા નવરાત્રી વેળા જાહેર માર્ગો પર જ કેમ મુર્તીની સ્થાપના કરવામાં આવે છે? કોકના ઓટલા પર કે ખુલ્લા મેદાનમાં એ ન ગોઠવી શકાય? એ નીમીત્તે કરવામાં આવતી ભવ્ય વીદ્યુતરોશનીના દુઃખ તો કોની આગળ જઈને રડીએ? ગણેશોત્સવ કે નવરાત્રી પછી દેવોના ચોપડે માણસના ખાતે એક પાઈનુંય પુણ્ય જમા થતું હશે કે નહીં તે દેવો જાણે પણ એકલા ગુજરાતમાં જ એ ઉત્સવ નીમીત્તે સાડા

સત્તર કરોડની વીજળી ફુંકી મારવામાં આવે છે. (માણસની અબૌદ્ધીક્તાના વોલ્ટેજ એટલા પાવરફુલ હોય છે કે એમાં ખુદ વીજળી બળીને ખાક થઈ જાય છે)

કોઈને કશી ચીંતા નથી. ધર્મના નામે બધું બેરોકટોક થતું રહે છે. પ્રથમથી જ ટ્રાફીકનો ઓવરલોડ ધરાવતા આપણાં સાંકડા જાહેર માર્ગો પર વખતોવખત રથયાત્રા, પોથીયાત્રા, શોભાયાત્રા, મુર્તીની પ્રાણપ્રતીષ્ઠા, લગ્નના વરઘોડા, તાજીયા, ગણેશ વીસર્જનયાત્રા જેવા અનેક ધાર્મીક જુલુસોનું આક્રમણ થતું રહે છે. આ સીવાય રાજકીય રેલીઓ, સભા સરઘસો, ધરણાઓ કે આંદોલનો તો જુદાં! વરકન્યાનું માયરુ કે લગ્નની ગ્રહશાંતેક ક્યાં કરવી? તો કહે રોડ પર.... હોળી સળગાવવાનું સર્વોત્તમ સ્થળ કયું? તો કહે જાહેર ચોરાહો! રોડ પર આવેલા કોઈ મન્દીરમાં સત્યનારાયણની કથા કરવી છે? ફીકર નહીં... બાંધો વાંસડા આડા ને ઉભો કરો મંડપ રસ્તા વચ્ચે... ધરમનું કામ છે. પોલીસ શું પોલીસનો બાપેય ના અટકાવે!

અમેરીકામાં આ રીતે જાહેર માર્ગો પર સત્યનારાયણની કથા થતી હોય એવા દ્રશ્યની કલ્પનાય થઈ શકે ખરી?

થોડા વર્ષો પર અમદાવાદમાં નીકળેલી રથયાત્રામાં ભીંસાઈને થોડા માણસો મૃત્યુ પામ્યા એ સમાચાર ટીવી પર સાંભળ્યા ત્યારે અમારા ભગવાનદાસકાકા બોલ્યા– ‘રથયાત્રામાં મરનારનું મોત પવીત્ર કહેવાય. એ ભાગ્યશાળીને સ્વર્ગમાં સ્થાન મળશે!’ બચુભાઈએ જવાબ આપ્યો– ‘તમે એના મોતને પવીત્ર લેખો છો, મને તો એવી કોઈ પણ ધાર્મીક એક્ટીવીટી અપવીત્ર લાગે છે જેમાં કંટ્રોલ ન કરી શકાય એટલી મોટી સંખ્યામાં માણસોને જાહેર માર્ગો પર ભેગા કરવામાં આવે છે. રહી સ્વર્ગ મળવાની વાત તો મારે કહેવું જોઈએ કે ધાર્મીક જુલુસોમાં કચડાઈ મરવાથી જ સ્વર્ગ મળી શકતું હોય તો દર વર્ષે સમુહ લગ્નોની જેમ આવા અનેક ધાર્મીક જુલુસોનું આયોજન કરવું જોઈએ. એટલું જ નહીં, એને ‘સામુહીક મોક્ષપ્રાપ્તી યજ્ઞ’ એવું નામ આપી એવું વ્યવસ્થીત આયોજન કરવું જોઈએ કે મોટી સંખ્યામાં

મોક્ષવાંચ્છુઓની ઈચ્છા પરીપુર્ણ થાય. એ રીતે વસ્તી વીસ્ફોટનો પ્રશ્નય થોડો હલ થઈ શકે!’

આપણે ત્યાં તમામ આધ્યાત્મીક પ્રસંગોનું આક્રમણ જાહેર રોડ પર થાય છે એ જોઈ એવું લાગે છે માનો માણસ ભગવાનને મન્દીરમાંથી રોડ પર ખેંચી લાવી જાહેરમાં મારતો ના હોય? ખેર, ભગવાનને માર પડે ન પડે, માણસને અચુક માર પડે છે. એકવાર રોડ પર સત્યનારાયણની કથાને કારણે અમારા એક મીત્ર ખાસ્સી મુશ્કેલીમાં મુકાઈ ગયેલા. થયેલું એવું કે એમની નાની બેબી આઠ આની ગળી ગઈ. ગળી ના ગઈ, આઠ આની અન્નનળીમાં આડી થઈને અધવચ્ચે અટકી ગઈ. મીત્ર મારતે સ્કુટરે ડૉક્ટરને ત્યાં જવા નીકળ્યા. પણ માર્ગમાં એક મન્દીર આગળ સત્યનારાયણની કથા ચાલતી હોવાથી બાંકડા વગેરે આડા મુકી રસ્તો બન્ધ કરી દેવાયો હતો. મીત્ર બીજી તરફથી નીકળવા ગયા ત્યાં સામેથી વરઘોડો આવે. સ્ત્રીપુરુષોનું એક બહુ મોટું ટોળું માર્ગમાં પરસેવે રેબઝેબ થતું ડીસ્કો દાંડીયા ની રમઝટમાં મચી

પડ્યું હતું. ટ્રાફીક જામ થઈ ગયો હતો. મીત્ર એક દુકાને સ્કુટર પાર્ક કરી, દીકરીને કેડે લઈ માર્ગમાંથી પસાર થવા ગયા પણ રસ્તો એવો બ્લોક થઈ ગયો હતો કે (પેલી આઠ આનીની જેમ) અધવચ્ચે ફસાઈ ગયા. જેમ તેમ માર્ગ કાઢી એ ડૉક્ટરને ત્યાં પહોંચ્યા ત્યારે પાડોશમાંથી જવાબ મળ્યો– 'ડૉક્ટર હમણાં જ નીકળી ગયા. તમે પાંચેક મીનીટ મોડા પડ્યા!' મીત્રની મનોસ્થીતી કેવી થઈ હશે તે વાચકોની કલ્પના પર છોડું છું.

તાત્પર્ય એટલું જ, કહેવાતા ધર્મએ માણસ પર જ નહીં, રસ્તાઓ પર પણ બુરી રીતે આક્રમણ કર્યું છે. આપણે સૌએ વીચારવાનું છે– જીન્દગીના હાઈવે પર અબૌદ્ધીક્તાનો આવો ટ્રાફીક જામ સર્જાય તો માણસ જીવનમાં ઈંચ જેટલોય આગળ વધી શકે ખરો?

10

# ભગવાન મન્દીરમાં નહીં;
# માણસમાં વસવાનું પસન્દ કરે છે!

અનુક્રમણીકા

ધાર્મીક માણસો રામકથામાં બેસીને પુણ્ય કમાયાનો સન્તોષ માને છે. કેટલાંક અડસઠ તીર્થની જાત્રા કરીને મોક્ષનું બુકીંગ કરાવ્યાનો સન્તોષ માને છે; પણ માણસની મનોભુમીમાં માનવતાના સંસ્કારો સીંચાયા હોય તેવી વ્યક્તીએ પુણ્ય કમાવા માટે કાશી–મથુરા સુધી જવું પડતું નથી. ક્યારેક ઈશ્વર મન્દીરને બદલે માણસમાં વસવાનું પસન્દ કરે છે. એ આનન્દદાયક સુવીધા છે. માણસના અન્તરમાં માનવતા મહેંકી ઉઠે છે, ત્યારે તેના હૃદયમાં ઈશ્વર પરકાયા પ્રવેશ કરી કોકની જીવનનૌકાને ડુબતી બચાવે છે.

એક રાજાનું દૃષ્ટાંત યાદ આવે છે. રોજ એ ફાટેલો કોટ પહેરી ખુદાની બન્દગી કરતો હતો. એક દીવસ એના

મીત્રે તેમ કરવાનું કારણ પુછ્યું. જવાબમાં રાજાએ કહ્યું, ‘રાજા તો હું હમણાં બન્યો. તે પહેલાં સાધારણ ગરીબ ઈન્સાન હતો. આજની આ અમીરીમાં હું મારી ગઈકાલની ગરીબીને ભુલી ઘમંડી ન બની જાઉં તે માટે આ કોટ બન્દગી વખતે પહેરું છું. અને ખુદાને પ્રાર્થના કરું છું મને તેં અમીરી બક્ષી છે; પણ ક્યારેય એવી કુબુદ્ધી ન આપીશ કે હું મારી ભુતકાળની ગરીબી ભુલી જઈને પ્રજાને રંજાડવા માંડુ!’

એ રાજાની જેમ માણસે મૃત્યુને નજર સમક્ષ રાખી એક સચ્ચાઈ યાદ રાખવાની છે. જીવન ચાર દીવસની ચાંદની જેવું છે. એમાંથી બે ગયા અને બે રહ્યા. એ બે દીવસોમાં થઈ શકે એટલા માનવતાના કામો કરી લઈએ. કોક દુ:ખીને મદદરુપ થઈએ, કોક પડતાનો હાથ ઝાલીએ, કોકના ડુબતા વહાણ તારીએ, કોકના આંસુ લુછીએ તો જીવ્યું સાર્થક લેખાય! માણસ અમર બનતો નથી, તેના સદ્કર્મો તેને અમર બનાવે છે. કોક આપણને ઉપયોગી નીવડ્યું હોય તો આપણે પણ વળતા બે સારા કામો કરી

સદ્‌ભાવનું સાટું વાળી દેવું જોઈએ. દુનીયામાં એ રીતે સજ્જનતાનું સરક્યુલેશન ચાલુ રહેશે તો દાઉદ ઈબ્રાહીમોનો બહું ગજ નહીં વાગે!

મને એકવાર હાઈવે પર સ્કુટર અકસ્માત થયો હતો. હું રોડ પર બેભાન થઈને પડ્યો હતો. થયેલું એવું કે એકવાર અમે સ્કુટર પર નવસારી આવી રહ્યા હતા. ખારેલના ડૉ. અશ્વીનભાઈ શાહ અને તેઓના પત્ની ડૉ. હર્ષાબહેન શાહ લગભગ 23 વર્ષથી ખારેલની આજુબાજુના અનેક ગામોના ગરીબ અને આદીવાસી દરદીઓને નીઃશુલ્ક સેવા આપીને માનવતાનો મહાયજ્ઞ આરંભ્યો છે. ખારેલ અને આજુબાજુના વીસ્તારના વીકાસ માટે આ દમ્પતી મુકપણે ધરખમ પ્રયત્નો કરે છે (સાંભળવા મુજબ હવે આ દમ્પતી પગાર લીધા વીના માનદ્ સેવા આપે છે). એમની ‘ગ્રામ સેવા ટ્રસ્ટ હૉસ્પીટલ’ ( http://www.gramseva.org/hospitalfacts.asp )ને આપેલું ડૉનેશન સીધું માનવતાના ઉમદા કાર્યમાં ગરીબો માટે વપરાતું હોવાથી દાનનો સદ્‌ઉપયોગ થાય એવું

ઈચ્છતા લોકો માટે ‘ગ્રામ સેવા ટ્રસ્ટ હૉસ્પીટલ’ વીશ્વવાસપાત્ર સ્થળ બની ચુક્યું છે. એથી ડૉ. અશ્વીનભાઈ શાહને મળીને અખબારો અને ઈન્ટરનેટ માટે એક મજેદાર ઈન્ટરવ્યું તૈયાર કરવાની ઈચ્છા હતી. તેઓને મીત્રભાવે મળવા જતાં હતા; પણ મળીએ તે પહેલા જ અમને નેશનલ હાઈ વે પર એક મોટો અકસ્માત થયો, એથી તેઓના દરદી તરીકે ‘ગ્રામ સેવા ટ્રસ્ટ હૉસ્પીટલ’માં મારે દાખલ થવું પડ્યું. મારી નાડીના ધબકારા ઘટી રહ્યાં હતા. માથુ ફાટી જતાં લોહી નીકળતું હતું. પત્ની લગભગ ચીસ જેવા અવાજે રાહદારીઓને વીનવતી હતી; પણ કોઈ મદદે આવતું નહોતું. એ સંજોગોમાં એંધળના ખેડુત શ્રી. નટુભાઈ પટેલે મને તેમના ટ્રેક્ટરમાં ખારેલ હોસ્પીટલ પહોંચાડી મારો જીવ બચાવ્યો હતો. કોઈ ટ્રકવાળો મને ટક્કર મારી ચાલ્યો ગયો હતો. એક જ દીવસે મને શેતાન અને ભગવાનનો સાથે ભેટો થઈ ગયો હતો. નટુભાઈ મારે માટે બીલકુલ ત્રાહીત વ્યક્તી હતા! કશી જ ઓળખાણ નહીં; પણ મજાની વાત એ બની કે મને રોડ પર તરફડતો જોઈ એમણે એંધળમાં આવેલા ચંડીકામાતાની માનતા

માની– 'આ તરફડતો માણસ બચી જશે તો હું એને તારા દર્શને લઈ આવીશ!'

મહીનાઓ બાદ હું ઠીક થઈ શક્યો ત્યારે મને નટુભાઈની માનતાની વાત કહેવામાં આવી. બાધા–આખડીમાં હું આજેય માનતો નથી; પણ ખાસ સમય કાઢીને હું નટુભાઈને મળ્યો. એમને ભેટીને હૃદયપુર્વક આભાર માન્યો. એમની જોડે ચંડીકામાતાના મન્દીરે જઈ માતાને વન્દન પણ કર્યા.

રૅશનાલીઝમની ડીક્શનરી મુજબ કદાચ એ અન્ધશ્રદ્ધા કહેવાય! ભલે કહેવાતી! રોડ પર તરફડી રહેલા એક માણસને જોઈને બીજા માણસના દીલમાં તે બચી જવો જોઈએ એવી સદ્ભાવના પ્રગટે અને તે પોતાની દેવીની માનતા રાખે એ બહું મોટી વાત છે. આપણે ભલે બાધા–આખડીમાં ન માનીએ પણ માનવીનાં દીલમાં જન્મતી ભલી ભાવનામાં તો અચુક માનીએ છીએ. આજના ક્રુર યુગમાં એક માણસ બીજા માણસનો લોહીનો તરસ્યો બન્યો છે ત્યારે આવી સદ્ભાવના રાખનાર

માનવતાવાદી માણસોની વસતી આજે બહુ ઓછી છે. મને એ દીવસે સમજાયું કે ભગવાનને પ્રાપ્ત કરવાની આપણી રીતમાં થોડું મોડીફીકેશન લાવવાની જરુર છે. ભગવાન ક્યારેક માણસના રુપમાં જ આપણને મળી જાય છે. મને તે નટુભાઈના સ્વરુપે મળ્યા. અકસ્માતની જાણ થતાં નવસારીના મારા ડૉક્ટરમીત્ર અશોક શ્રોફ અને તેમના પત્ની જયના શ્રોફ તેમનું કામ પડતું મુકી હૉસ્પીટલમાં દોડી આવ્યા. તેમણે પૈસા તથા બે–ત્રણ ડૉક્ટરોની વ્યવસ્થા કરી. મારી તે જીવલેણ સ્થીતીમાં આવી કૃપા કરનારા હતાં તો સીધા સાદા માણસો જ; પણ મને થયું કે ભગવાન આનાથી જુદો કેવો હોય શકે?

હૉસ્પીટલના બીછાને મારું મન વીચારતું હતું– જીવન કુદરતની દેન છે. ભગવાન જોડે માણસને ભક્તીભાવનો ગમે તેટલો ગાઢ સમ્બન્ધ હોય છતાં દુઃખમાં માણસને ભગવાન કરતાં ય માણસની વીશેષ જરુર પડે છે. માણસ રોજ મળસ્કે પાંચ વાગ્યે ઉઠીને ત્રણ કલાક ભગવાનની માળા જપતો હોય; પણ રોડ પર

ઘવાયેલાઓને ત્યાં જ તરફડતો છોડી આગળ નીકળી જતો હોય, તો એવી ભક્તીથી દુનીયાનો કોઈ ભગવાન રાજી થતો નથી. કંઈક એવું સમજાય છે કે માનવજીવનમાં ઈશ્વરભક્તી કરતાં માનવતાને જ અગ્રીમતા આપવી જોઈએ.

માનવતાની વાત નીકળી છે ત્યારે એક બીજો પ્રસંગ યાદ આવે છે. મારે બેંકમાં કેશીયરની નોકરી હતી. બેંકમાં એક દીવસ એક ગ્રાહકને મારાથી પાંચ હજાર રુપીયા વધારે અપાઈ ગયા. થયેલું એવું કે બેંકના મારા કાઉન્ટર પર રોજ જ્યાં પચાસ રુપીયાવાળા પેકેટો ગોઠવતો ત્યાં શરતચુકથી એકસો રુપીયાવાળી નોટનું પેકેટો ગોઠવી દેવાયા. પાંચ હજારનો ચેક પેમેન્ટ માટે આવ્યો ત્યારે આદતવશ પચાસનુ સમજીને એકસોનુ પેકેટ ગ્રાહકને અપાઈ ગયું. સાંજે હીસાબમાં પાંચ હજાર ખુટ્યા. જીવ અદ્ધર થઈ ગયો. દરેક પાંચ હજાર વાળા ગ્રાહકને ત્યાં તપાસ કરવા દોડ્યા; પણ બધાં ગ્રાહકો તરફથી એક

જ જવાબ મળતો હતો– ‘અમને સોનું નહીં પચાસનું જ પેકેટ મળ્યું હતું!’

મારા દુઃખનો પાર નહોતો. રાત પડી ગઈ હતી. માત્ર એક ગ્રાહકને ત્યાં જવાનું બાકી હતું. મીત્ર પંકજ દેસાઈ જોડે તેને ત્યાં ગયા. મુળ માણસ હાજર નહોતો. અમે તેની પત્નીને કહ્યું– ‘બેંકમાંથી જે પૈસા લાવ્યા છો તે બતાવો.’ પત્નીએ પચાસને બદલે એકસો રુપીયાવાળી નોટનું પેકેટ કાઢી આપ્યું. મારા બત્રીશે કોઠે આનન્દના દીવા સળગી ઉઠ્યા.

પરન્તુ સાચા આનન્દની પરાકાષ્ઠા તો ત્યારબાદ આવી. પંકજે સ્કુટરની પાછળ બેસતાં મને કહ્યું– ‘જલારામના મન્દીર આગળ સ્કુટર ઉભું રાખજે. હું જલારામબાપાને ખાસ માનુ છું. અહીં આવતાં પહેલાં મેં જલારામબાપાને પ્રાર્થના કરી હતી કે પૈસા મળી જશે તો વળતા તારા ચરણોમાં એકાવન રુપીયા ચઢાવી તારા આશીર્વાદ લેવા આવીશ! તું બહાર ઉભો રહેજે… હું માનતા ચઢાવી તુરત આવી જઈશ!’

મીત્રની એ સ્નેહસ્મૃતી આજેય યાદ છે. હું મન્દીરે નહોતો જતો અને બાધા–આખડીમાંય નહોતો માનતો એ વાત પંકજ જાણતો હતો. એથી એણે મને મન્દીરમાં આવવા કોઈ ફોર્સ કર્યો નહોતો. આસ્તીક્તા પ્રત્યે આદર ઉપજે એવું કામ મીત્રે કર્યું હતું. ખોવાયેલી વસ્તુ ભગવાનની બાધા લેવાથી પાછી મળે કે ના મળે એ જુદી વાત છે; પણ ક્યારેક એવા પ્રોસેસમાં સાચા મીત્રો જરુર મળી જાય છે. પંકજ જોડે જલારામ મન્દીરમાં જઈ મેં જલારામબાપાને શ્રદ્ધાપુર્વક નમન કરી કહ્યું– ‘અમારા જેવાઓનેય તમારામાં શ્રદ્ધા જન્મે તે માટે દરેક નાસ્તીકને પંકજ જેવો એક મીત્ર આપજો!’

## 11

# અન્ધશ્રદ્ધાનું ગ્રહણ વીના ચશ્મે જોઈ શકાય

અનુક્રમણીકા

ઘણાં વર્ષો પુર્વે નીહાળેલી એક ઘટના સાંભળો. તાજીયાના જુલુસમાં એક યુવાને જીભની આરપાર સળીયો ખોસેલો હોય એવો દેખાવ કર્યો હતો. લોકો એને ચમત્કાર ગણી શ્રદ્ધાભાવે વન્દન કરી રહ્યા હતાં. વાસ્તવમાં એ 'યુ' આકારમાં વાળેલા સળીયાની ટ્રીક માત્ર હતી. (નવરાત્રી વેળા પણ ઘણાને માતા આવ્યાના મેનમેઈડ ચમત્કારો બને છે)

ધર્મ આવી અન્ધશ્રદ્ધાને સ્પોન્સર કરે તે ધર્મગુરુઓને ના પરવડવું જોઈએ. (મજા ત્યારે આવે જ્યારે આવી અન્ધશ્રદ્ધાનો પહેલો વીરોધ 'સત્યશોધક સભા'વાળા બાબુભાઈ દેસાઈને બદલે બુખારી દ્વારા થાય!) પ્રત્યેક હોળીની રાત્રે સ્ત્રીઓને સળગતી હોળીની પ્રદક્ષીણા કરી તેની પુજા કરતી આપણે જોઈએ છીએ ત્યારે આશ્ચર્ય થાય છે. હોલીકાએ પ્રહલાદને જીવતો

સળગાવી દેવાની કોશીષ કરેલી. તે પુજનીય તો હતી જ નહીં. શ્રદ્ધાળુ સ્ત્રીઓને કોઈક હોળીએ પ્રશ્ન થવો જોઈએ– વર્ષોથી આપણે કોની પુજા કરીએ છીએ? (વધુ સાચુ તો એ જ કે ટનબન્ધી કીમતી લાકડાં ફુંકી મારીને હોળી ઉજવવી જ ના જોઈએ) ધર્મ હાથ જોડવાનું શીખવે છે– વીચારવાનું નહીં! અન્યથા મોરારીબાપુની મદદ વીનાય સમજી શકાય કે પુજા ઈષ્ટની થઈ શકે અનીષ્ટની નહીં! ધર્મમાં થોડી ઘણીય બુદ્ધીની દરમીયાનગીરી હોય તો અન્ધશ્રદ્ધા આટલી વ્યાપક ના હોય!

ગ્રહણો હમ્મેશાં આકાશમાં જ રચાય એવું નથી. માણસની ધાર્મીકતા, અબૌદ્ધીકતા અને અજ્ઞાનતા એક સીધી લીટીમાં આવે ત્યારે અન્ધશ્રદ્ધાનું ગ્રહણ રચાય. થોડા સમય પુર્વે સુર્યગ્રહણ થયું હતું. એ દીવસે હું રસ્તા પર નીકળ્યો તો મને માણસ નામનો સુરજ અન્ધશ્રદ્ધાના પડછાયાથી ઢંકાયેલો જોવા મળ્યો. એ દીવસે મેં શુ જોયું? રસ્તો કરફ્યુ લાગી ગયો હોય તેવો સુમસામ હતો. નીત્ય મળસ્કે પાંચ વાગ્યાથી સળવળી ઉઠતા ઘરોના બારી

બારણા બહું મોડે સુધી બન્ધ રહ્યા. ગ્રહણ ખુલ્યા બાદ લોકોએ માટલાનાં પાણી, ખાદ્ય પદાર્થો વગેરે બહાર ફેંકવા માંડ્યા. પછી સ્નાન... પુજા... ઘરની સાફસુફી... વગેરેનું ચક્કર ચાલ્યું.

એ પહેલાં ચારેક દીવસથી ટીવી સૌને એમ કહીને ચેતવતું હતું કે સુર્યગ્રહણથી કોઈ નુકસાન થવાનું નથી. છતાં શીક્ષીતોય ગમારની જેમ ઘરમાં ભરાઈ રહ્યાં. દીલ્હી દુરદર્શન સુર્યગ્રહણનું જીવન્ત પ્રસારણ રજુ કરી રહ્યું હતું ત્યારે પ્રૉફેસર યશપાલને ફોન પર લોકો તરફથી જે બાલીશ પ્રશ્નો પુછાતા હતા તેમાં લોકોની ઘોર અજ્ઞાનતાના દર્શન થતા હતા. એક જણે પુછ્યું– ‘ક્યા ગ્રહનકે સમય હમ ખાના ખા શકતે હૈ? કોઈ નુકસાન તો નહીં?’ પ્રૉફેસરે કહ્યું– ‘કોઈ નુકસાન નહીં લેકીન ખાના બાદમેં ખાઈયેગા પહેલે ગ્રહનકા ખુબસુરત નજારા દેખ લીજીયે!’

કદી પાણીની ટાંકી સાફ ન કરતા આળસુ માણસે ગ્રહણ પત્યા બાદ અગાસી પરની બન્ને ટાંકીનું પાણી કાઢી તે સાફ કરી નાંખી. (બીચારા અન્દરના જીવડાં બેઘર થઈ

ગયા. બચી ગયેલા જીવડાંઓને બીજા સુર્યગ્રહણ સુધી નીરાંત હતી!) મેં એ સજ્જનને પુછ્યું– ‘તમે ગ્રહણથી દુષીત થયેલી અગાસીની ટાંકી સાફ કરી; પણ જ્યાંથી તમારે ત્યાં પાણી આવે છે એ નગરપાલીકાની ટાંકીનું શું કરશો? કુવા, નદી, તળાવ, સાગર, વગેરેનું પાણી પણ ગ્રહણથી અપવીત્ર થયું કહેવાય... તે અપવીત્રતા શી રીતે સાંખી લેશો? રાંધેલું અન્ન ફેંકી દેશો પણ કોઠીમાં ભરેલા ધાન્યનું શું કરશો? સુરજની સાક્ષીએ ખેતરમાં લહેરાતા અનાજનું શું કરશો?

બધાં જ પ્રશ્નો એક સ્થીતી સ્પષ્ટ કરે છે. દુનીયાભરની ‘સત્યશોધક સભા’ઓ કે ‘વીજ્ઞાન મંચો’ને મોઢે ફીણ આવી જાય એટલા વીપુલ પ્રમાણમાં અન્ધશ્રદ્ધા હજી સમાજમાં પ્રવર્તે છે. નર્મદ પુનઃ પુનઃ અવતરીને તેના પાંચ પચ્ચીશ આયખા કુરબાન કરી દે તો ય અન્ધશ્રદ્ધાના ગ્રહણમાંથી માણસ મુક્ત થઈ શકે એમ નથી. સુર્યગ્રહણ નીરખવા ખાસ ચશ્માની જરુર પડે છે. અન્ધશ્રદ્ધાના ગ્રહણો તો વીના ચશ્મે નીહાળી શકાય. ન્યાય ખાતર

સ્વીકારવું રહ્યું કે વીજ્ઞાન અને રૅશનાલીઝમના સતત પ્રચારથી લોકોમાં થોડી જાગૃતી અવશ્ય આવી છે; પણ એનું પ્રમાણ બહું ઓછું છે. આપણે ત્યાં કેવા કેવા લોકો વસે છે? પ્લેગથી બચવા ગાયત્રી યજ્ઞ કરાવનારા લોકો. મન્ત્રેલા માદળીયાં પહેરનારા લોકો. અશ્વમેધ યજ્ઞમાં કરોડો રુપીયા ફુંકી મારનારા લોકો. ભગવા જોઈ ચરણોમાં આળોટી પડનારા લોકો. ભગત ભુવા કે બાધા આખડીમાં રાચનારા લોકો. ચમત્કાર માત્રને નમસ્કાર કરનારા લોકો. અમીતાભ માંદો પડે તો યજ્ઞ કરાવનારા લોકો. આવા લોકોથી સમાજ છલોછલ ભરેલો છે.

સમાજને છેતરવાની તમારી ક્ષમતા હોય તો આખો સમાજ છેતરાવા માટે ખડે પગે તૈયાર છે. તમે કોઈને હથેળીમાં ગુટકા આપીને કહેશો આ સાંઈબાબાની ભસ્મ છે... તો તે ભારે શ્રદ્ધાપુર્વક મોમાં મુકશે. જ્યાં ખાંડની ચાસણી મધ તરીકે વેચાઈ શકે ત્યાં તમે ઈચ્છો તો શીવામ્બુ ચરણામૃત તરીકે ખપાવી શકો! એકવીસમી સદીમાં પણ શોધવા નીકળો તો બાવડે માદળીયું બાંધીને

વીજ્ઞાન ભણાવતો શીક્ષક મળી આવશે. ગામની કોઈ ડોશીને ડાકણ માની સળગાવી દેતો સરપંચ મળી આવશે. સાપ કરડ્યો હોય ત્યારે હૉસ્પીટલને બદલે ભગતને ત્યાં દોડી જઈ જીવ ગુમાવતા ગામડીયાઓ મળી આવશે. એકાદ કાળી ચૌદશને દીવસે સ્મશાનમાં જાગરણ કરી આપણે સૌએ સહચીન્તન કરવા જેવું છે કે નર્મદના જમાનામાં પણ આટલી અન્ધશ્રદ્ધા નહોતી. વહેમ, અન્ધશ્રદ્ધા અને અજ્ઞાનતાથી ભરેલો સમાજ લીક થતા ગેસ સીલીન્ડર જેટલો જોખમી છે. છતાં સમાજના એવા દુષીત સ્વરુપથી થોડાંક રૅશનાલીસ્ટો સીવાય કોઈને ચીન્તા નથી.

તમે ક્યારેય કોઈ નેતાને સમાજની અન્ધશ્રદ્ધા અંગે ચીન્તા વ્યક્ત કરતો જોયો છે? તમે ક્યારેય કોઈ ધર્મગુરુ કે કથાકારને સમાજમાં ફેલાયેલી વ્યાપક અન્ધશ્રદ્ધાના વીરોધમાં અભીયાન ચલાવતો જોયો છે? બુખારીઓ, બાલઠાકરેઓ, અડવાણીઓ કે મનમોહનસીંહો ભલે ખામોશ રહેતા પણ મોરારીબાપુઓ, આશારામબાપુઓ,

પ્રમુખસ્વામીઓ, સંતો–મહંતો કે શંકરાચાર્યોને સમાજના આવા દુષીત સ્વરુપની કેમ કોઈ ચીંતા નથી? શું તેમને કેવળ ટીલાંટપકાં કરતી પાદપુજક સંસ્કૃતી જ પરવડે છે? લોકો જ્ઞાન વીજ્ઞાનનો પ્રકાશ પામી અન્ધશ્રદ્ધામુક્ત બને તેવું તેઓ કેમ નથી ઈચ્છતા? ગણપતીને દુધ પાવાની બાલીશતા કેટલા ધર્મગુરુઓએ વખોડી? દેશના બધાં ધર્મગુરુઓ, સ્વામીઓ, બાપુઓ, કથાકારો અન્ધશ્રદ્ધાનું ડીમોલીશન કરવાનું બીડું ઝડપે તો અન્ધશ્રદ્ધા ટકે ખરી?

જે દીવસે ધર્મગુરુઓ વીજ્ઞાન જોડે હાથ મીલાવશે તે દીવસે દેશમાં નવજાગૃતીનો એક નવો સુર્યોદય થશે. વીજ્ઞાનના સમજાવ્યા ન સમજે તે શ્રદ્ધાના માર્ગે જરુર સુધરે એવો હું આશાવાદ ધરાવું છું. દેશના તમામ ધર્મ સમ્પ્રદાયોના વડાઓ પોતાની કથાઓ, ધર્મસભાઓ કે સત્સંગોમાં સમાજને અન્ધશ્રદ્ધામાંથી મુક્ત થવાની અપીલ કરે તો 'સત્યશોધક સભા'ની જરુર જ ના રહે. ઘણા ધર્મગુરુઓ સત્યશોધક સભાની પ્રવૃત્તી તરફ અણગમાયુક્ત નજરે જુએ છે. તેમણે રૅશનાલીઝમ કે

સત્યશોધકોને મીટાવી દેવા હોય તો આ ઉપાય અજમાવવા જેવો છે. સમાજમાંથી શોધી શોધીને અન્ધશ્રદ્ધાને મીટાવી દો... પછી ‘સત્યશોધક સભા’ની ઉપયોગીતા જ નહીં રહે...! ધર્મગુરુઓ રૅશનાલીઝમને સ્પોન્સર કરે તો અડધો અડધ ફેર પડી જાય! (કલ્પના કરો કેશવાનન્દ જેવા ગુરુઘંટાલોની આજ્ઞા માની આ દેશની સ્ત્રીઓ તેમની મહામુલી મુડી તેમને અર્પી શકતી હોય તો તેમના આદરણીય ધર્મગુરુઓની બે સાચી શીખામણો કાને નહીં ધરે એવું બને ખરું?)

સાચી વાત એટલી જ કે રામ– રાવણ કે કૃષ્ણ–અર્જુનના ચવાઈ ગયેલા કીસ્સાનું પીષ્ટપેષણ કર્યા કરવાને બદલે આપણા કથાકારો વહેમો અને અન્ધશ્રદ્ધાઓ દુર કરવા માટે કમર કસશે તો એ તેમની મોટી સમાજસેવા લેખાશે. અમારા બચુભાઈ મારા આ વીચારને વાંઝીયો આશાવાદ ગણાવતાં કહે છે– ‘ધર્મગુરુઓ રૅશનાલીઝમને સ્પોન્સર કરે તો તે ભુવાઓ દ્વારા ‘સત્યશોધક સભા’ને લાખો રુપીયાનું દાન મળ્યા જેવી આશ્ચર્યકારક ઘટના

ગણાય! સત્ય એ છે કે આજે પ્રજાને રામકથાની નહીં જ્ઞાનકથાની જરુર છે. વેદ મન્ત્રો કરતાં વીજ્ઞાનની વીશેષ જરુર છે. એકાત્મયાત્રા કરતાં અન્ધશ્રદ્ધા નીવારણની સાચી જરુર છે. જ્ઞાનયજ્ઞો તો યુદ્ધના ધોરણે અને પ્રતીદીન થવા જરુરી છે. આપણા શીક્ષણશાસ્ત્રીઓ અને ધર્મગુરુઓ લોકશીક્ષણનું કામ સંયુક્તપણે ઉપાડી લે તો સમાજમાંથી અજ્ઞાનના અંધારા જરુર ઉલેચી શકાય. આપણી ભારતીય સંસ્કૃતીના સ્ક્રીન પર હું એવું લખાયેલું જોવા ઈચ્છું છું– ‘ધીસ પાર્ટ ઓફ ધી ફીલ્મ ઈઝ બ્રોટ ટુ યુ બાય એજ્યુકેશન એન્ડ રીલીજીયન!’ આપણે પ્રાર્થના કરીએ એ ફીલ્મ જલદી રીલીઝ થાય... અને માણસનો અન્ધશ્રદ્ધાના ગ્રહણમાંથી સત્વરે મોક્ષ થાય!

.●♦●.

12

# હા, ચુનો– તમાકુ ખાવાથી આધાશીશી મટી જાય છે…!

અનુક્રમણીકા

‘હું બીટ મારીને કહું છું કે ચુનો તમાકુ ખાવાથી આધાશીશી મટી જાય છે!’ કોઈ વ્યસની માણસ આવું કહે તો આપણે હસી કાઢીએ; પણ એક વીજ્ઞાનનો શીક્ષક આવું કહે તો આપણને તમ્મર આવી જાય. બચુભાઈએ કહ્યું– ‘માસ્તર, થોડી બુદ્ધીની શરમ રાખો. કાલે ઉઠીને તમે કહેશો તમાકુ ખાવાથી કેન્સર મટી જાય છે તો અમારે માની લેવુ?’

શીક્ષક હથેળીમાં ચુનો તમાકુ રગળતા હતા. તે હોઠોમાં ગોઠવીને બોલ્યા– ‘ન જ માનવું જોઈએ; પણ સોમાંથી નવ્વાણુ જણના કેન્સર તમાકુ ખાવાથી મટી જતાં હોય તો શા માટે ન માનવું? મને વર્ષોથી આધાશીશીની તકલીફ હતી. ઘણા લોકોએ સલાહ આપી– ‘ચુનો તમાકુ

ચાલુ કરો... મટી જશે!’ અજમાયશ ખાતર ચાલુ કર્યું અને ખરેખર આધાશીશી મટી ગઈ! આ શંભુભાઈનેય આધાશીશીની તકલીફ હતી. એમણેય ચુનો ચાલુ કર્યો અને આધાશીશી ગાયબ! પુછી લોને તમારી સામે જ બેઠા છે...!’

અમે બધા વીચારમાં પડી ગયા. એ શીક્ષક મીત્ર જુઠુ બોલે એવા નહોતા; પણ બુદ્ધી એ વાત માનવા સાફ ઈન્કાર કરતી હતી. ચુનો તમાકુથી આધાશીશી મટે એ વાત અમોને એવી લાગતી હતી જાણે કોઈ કહેતું હોય– ‘ઝેર પીવાથી અમર થઈ જવાય!’ મોડા મોડા અમે એ વાતનું રહસ્ય શોધી કાઢ્યું. આ લેખ વાંચી કોઈ આધાશીશીનો દરદી ચુનો તમાકુ ચાલુ ન કરી દે તે માટે એ રહસ્ય જણાવી દઉં! અહીં મામલો આખો એક્યુપ્રેસરનો છે. એક્યુપ્રેસરનો ચાર્ટ જોશો તો તેમાં હથેળીમાં છવ્વીશ નમ્બરનો પોઈંટ બતાવવામાં આવ્યો છે. હથેળીનો આ પોઈન્ટ દીવસમાં ઘણીવાર દબાવવાથી લોહીના દબાણ પર તેની એવી અસર થાય છે જે વડે

આધાશીશી, મુત્રાશય અને પથરીના દર્દો મટી શકે છે. અર્થાત્ એ શીક્ષક મીત્રની આધાશીશી ચુનો તમાકુ ખાવાથી નહીં; પણ હથેળી મધ્યેનો ભાગ દબાવાથી મટી શકી હતી!

અમારા બચુભાઈએ આ રહસ્ય પેલા શીક્ષક મીત્રને સમજાવ્યું અને કહ્યું– ‘હવે હથેળીમાં ચુનો તમાકુને બદલે ચણાના દાણા રગડશો તોય તમારી આધાશીશી કાબુમાં રહેશે સમજ્યાં!’ શીક્ષક મીત્રે થોડા દીવસ પછી કહ્યું– ‘મજા નથી આવતી. ચુના તમાકુની એવી ટેવ પડી ગઈ છે કે હવે તે ખાધા વીના માથુ દુઃખે છે!’ વાત સાચી છે. જો મજા ચુનેમેં હૈ વો ચનેમેં કહાં?

જીવનની ઘણી ઘટનાઓમાં એવા રહસ્યો છુપાયા હોય છે કે બુદ્ધીશાળી લોકોનેય તેના સાચા કારણની જાણ થઈ શકતી નથી. ક્યારેક તો એવી બાબતો સાવ સામાન્ય અને ઘરેલુ હોય છે. એવી બીજી એક નાનકડી ગેરસમજ જોઈએ. અલકેશના આંગણામાં આંબાનું બહુ મોટું ઝાડ હતું. અલકેશ એ આંબો કાપી નાંખવા તૈયાર થયો. કેરી

આવતી નહોતી એ કારણ નહોતું; પણ અલકેશનું માનવું હતું કે આંબાને કારણે એટલો પવન આવે છે કે ટીવી એન્ટેના વારંવાર એક તરફ ઝુકી જાય છે.

બચુભાઈએ એને સમજાવ્યો. ‘આંબાને કારણે પવન વાય છે એમ માનવામાં તારી ભુલ થાય છે. જેમ ઈલેક્ટ્રીક પંખો પવન ઉત્પન્ન કરતો નથી, માત્ર હવાને ધકેલે છે. તે રીતે વૃક્ષની ડાળીઓ પણ પવન પેદા કરતી નથી. પવન હવાના અસમાન દબાણને કારણે ઉદ્ભવે છે. પવનને કારણે વૃક્ષની ડાળીઓ હાલે છે એથી લોકો એમ માની લે છે કે વૃક્ષને કારણે  પવન આવે છે. વૃક્ષ કેવળ છાંયડો આપી શકે છે– પવન નહીં. તું આંબો કાપી નાખશે તોય પવન ચાલુ રહેશે!’

સાપનું ઝેર ઉતારી આપતા બ્લેકસ્ટોન વીશે પણ એવી જ ગેરસમજ પ્રવર્તે છે. સાપનું ઝેર એન્ટીવેનમ (ઝેર મારણના) ઈંજેક્શન સીવાય અન્ય કશાથી ઉતરતું નથી; પણ ઘણીવાર બીનઝેરી સાપ કરડ્યો હોય તેવા સંજોગોમાં વ્યક્તીને ઝેર ચઢ્યું નથી હોતું. કાળો પથ્થર સર્પદંશ પર

મુકવાથી માણસ બેઠો થઈ જાય છે. એથી એવી ગેરસમજ ઉદ્ભવે છે કે પથ્થરથી ઝેર ઉતરી ગયું!

માનવજીવન આવા ઘણા રહસ્યોથી ભરેલું છે. જે દેખાય છે તે હોતું નથી. હોય છે તે દેખાતું નથી. કોઈના આંગણામાં ઉભેલી મારુતીકાર જોઈ આપણે માની લઈએ છીએ કે માણસ કેટલો સુખી છે! પણ મારુતીકાર માણસની આર્થીક સમૃદ્ધીની સાબીતી હોય શકે– માનસીક શાંતીની નહીં! શક્ય છે મારુતીવાળાને રાત્રે ઉંઘની ટીકડી લીધા વીના ઉંઘ ના આવતી હોય અને ફુટપાથ પર સુનારાઓની એક જ પડખે સવાર થઈ જતી હોય!

આપણે સૌ એ નીહાળીએ છીએ કે લોકોના વધ્યાંઘટ્યાં ધાન ખાઈને જીવતા ભીખારીના છોકરાં પથ્થર જેવાં મજબુત હોય છે અને રોજ ફળોના જ્યુસ પીતા અમીરોના દીકરાઓ સાવ માયકાંગલા! કારણ ગમે તે હોય પણ એટલું નક્કી કે સુખ ક્યારેક એરકન્ડીશન્ડ બંગલા કરતાં ઝુંપડામાં વધુ માત્રામાં હોય છે!

વડાપ્રધાનની પત્ની સ્વમુખે કહે કે તે દુઃખી છે તો આપણે તે ઝટ સ્વીકારી શકીએ નહીં! મહાન લેખક ટૉલ્સટૉયની પત્ની દુઃખી હતી એ સત્ય પુસ્તકમાં વાંચીએ છીએ ત્યારે સાચુ માનવાનું મન થતું નથી. જીવનભર અહીંસામાં માનતા ગાંધીજીએ પણ કસ્તુરબાને રીબાવ્યા હતા. એક ત્રાજવામાં ટાટા–બીરલાની પત્નીના ગળાનો કીમતી હાર મુકો અને બીજા ત્રાજવામાં કોઈ દાતણ વેચનારીના વાળમાં ખોસેલું ગલગોટાનું ફુલ મુકો. જો ગલગોટાવાળું પલ્લું નમી જાય તો મને આશ્ચર્ય નહીં થાય. સુખ, શાંતી, સમૃદ્ધી એ બધાં સંસારના અટપટા અને સાપેક્ષ દાખલાઓ છે. રકમ એક જ હોય છે પણ જવાબ જુદા... અને છતાં બધાં દાખલાઓ સાચા!

એકવાર એક દુઃખી રાજાને કોઈએ ઉપાય બતાવ્યો. સૌથી વધુ સુખી માણસનું ખમીશ પહેરો તો અવશ્ય સુખી થઈ શકો. રાજાએ શોધ ચલાવી તો એવો સુખી માણસ મળ્યો ખરો; પણ તેની પાસે ખમીશ જ નહોતું! આનો અર્થ એવો નથી કે સુખ ખમીશ ન હોવાની

સ્થીતીમાં છુપાયું છે; પણ સુખનું પોત પ્રેમ જેવું છે. તેની અનુભુતી થઈ શકે છે. તેને શબ્દોમાં સાબીત કરવાનું અઘરું છે. ઘણા સુખ ખરજવા જેવાં હોય છે. ઘણીવાર ખજવાળમાંથી ય એક પ્રકારનો આનન્દ મળતો હોય છે. બહુ મોટા માણસને ત્યાં સતત લોકોની આવન જાવન ચાલુ રહેતી હોય છે. એવા માણસને જમવાની ય ફુરસદ નથી હોતી; પણ જે દીવસે તેને ત્યાં એકેય માણસ ના આવે તે દીવસે તેને ચેન પડતું નથી. દુ:ખને ય તેના પોતીકા સુખ હોય છે.

એક ગુરુના અન્તીમ સમયે તેણે પોતાના ચેલાઓને કહ્યું– ‘મારો બીજો અવતાર ડુક્કરના પેટે થવાનો છે. ફલાણા સ્થળે એક ડુક્કરનું બચ્ચું મળ ખાતુ તમને દેખાશે. તમે સમજી જજો કે તે હું જ છુ!’ ગુરુ મૃત્યુ પામ્યા. તેમના અન્તીમ વીધાન મુજબ ચેલાઓને તે સ્થળે એક સફેદ ડુક્કરનું બચ્ચું દેખાયું. એક ચેલો પથ્થર ઉપાડતાં બોલ્યો– ‘આ ગન્દવાડમાંથી આપણે ગુરુદેવને મુક્તી અપાવીએ!’ ત્યાં પેલું ડુક્કરનું બચ્ચું બોલી ઉઠ્યું– ‘નહીં નહીં... મને

મારશો નહીં, તમને આ ગન્દવાડ લાગે છે, પણ મને અહીં અત્યન્ત સુખ મળે છે!’

તો વાત એમ છે મીત્રો! ગન્દવાડ પણ સાચો અને એમાંથી મળતું સુખ પણ સાચુ! લાખ વાતની એક વાત એટલી જ, માણસ જે સ્થીતીમાં જે લાગણી અનુભવે તે જ તેને માટે સાચુ સુખ, બીજા બધાં ફાંફા! પેલી પ્રચલીત રમુજમાં કહ્યું છે તેમ, એક સ્ત્રી એક કવીને બહુ ચાહતી હતી; પણ કવીએ તેની જોડે લગ્ન ન કર્યા તેથી તે દુ:ખની મારી પાગલ થઈ ગઈ. તેણે નીસાસો નાખી કવી પત્નીને કહ્યું, ‘તું કેટલી સુખી છે... તું એને મેળવી શકી!’ પત્નીએ એનાથી ય મોટો નીસાસો નાખી કહ્યું– ‘તું કેટલી સુખી છે કે એનાથી બચી ગઈ!’ સુખ એટલે બીજું કાંઈ નહીં એક જ પાત્ર માટેની બે સ્ત્રીઓની ભીન્ન ભીન્ન અનુભુતી! રકમ એક જ પણ જવાબ જુદા, અને વળી બન્ને સાચા. હવે કહો જોઉં તમે સુખી છો કે દુ:ખી...?

# III

## શ્રી. દીનેશ પાંચાલનું લેખન–સર્જન–ચીન્તન

**અનુક્રમણીકા**

| ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાશકની વીગત |
|---|---|---|
| 1 | શબ્દોનો સ્વયંવર | ગુર્જર ગ્રંથરત્ન પ્રકાશન, રતનપોળ નાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ. પીન કોડ : 380 001 ફોન : (079) 2662 0472/ 2214 4663 ઈ.મેઈલ : goorjar@yahoo.com |
| 2 | ઉરે ઉગ્યો અરુણ | |
| 3 | બોલો, ઈશ્વર છે કે નથી? | |
| 4 | સ્ત્રી : સંસારલક્ષ્મી | |
| 5 | તનકતારા | |
| 6 | અંતરના ઈન્દ્રધનુષ (પુરસ્કૃત) | |
| 7 | હૈયાનો હસ્તમેળાપ | |
| 8 | ધરમકાંટો | |
| 9 | સંસારની સીતાર | |
| 10 | મનના માયાબજારમાં | |
| ♦ | અંતરના આંગણેથી | બન્ને પુસ્તકોનું પ્રકાશન હાથ પર છે. |
| | દીલના દુરબીન | |
| 11 | જીવન સરીતાને તીરે | સાહીત્ય સંગમ, ગોપીપુરા, સુરત. પીન કોડ : 395 003 સેલફોન : 98251 12481 વેબસાઈટ : http://sahityasangam.com ઈ.મેઈલ : sahitya_sankool@yahoo.com |
| 12 | ચાલો, આ રીતે વીચારીએ! | |
| 13 | ધુપછાંવ | |

| ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાશકની વીગત |
|---|---|---|
| 14 | જીવનસરીતા | નવભારત સાહીત્ય મંદીર,<br>જૈન દેરાસર પાસે, ગાંધી રોડ,<br>અમદાવાદ – 380 001<br>ફોન : (079) 2213 2921<br>વેબસાઈટ :<br>www.navbharatonline.com<br>ઈ.મેઈલ :<br>info@navbharatonline.com |
| 15 | મનનાં મોરપીંછ'<br>(પુરસ્કૃત) | ઈમેજ પબ્લીકેશન્સ પ્રા. લી.,<br>199/1, ગોપાલ ભુવન,<br>પ્રીન્સેસ સ્ટ્રીટ, મુમ્બઈ – 400 002<br>ફોન : (022) 2200 2691<br>ઈ.મેઈલ :<br>info@imagepublications.com<br>વેબસાઈટ :<br>www.imagepublications.com |

## IV

# અન્તીમ ટાઈટલ પેજ

અનુક્રમણીકા




## સમાપ્ત